# बुद्धिप्रभा.

## ( The Light of Reason )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रहृद्योतकम् ।
सत्यासत्यविवेकदं भवभयभ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं ' बुद्धिप्रभा ' मासिकम् ॥

વર્ષ ૭ મું. ] તા. ૧૫ ડીસેમ્બર, સને ૧૯૧૫. [ અંક ૯ મો.


## जापाननी आश्चर्यकारक उन्नति.


ગતાંક—પાને ૨૦૬ થી ચાલુ.


### સૈન્ય–પ્રબન્ધ.

યૂરોપના અન્ય દેશોની માફકજ અને તેમના બંધારણ પ્રમાણે જાપાને પણ પોતાની સેનાનું બંધારણ કર્યું છે. પ્રબન્ધ, નિયમો, અને યુદ્ધવિદ્યાની બાબતમાં જાપાને ઘણા ભાગે જર્મનીનું અનુકરણ કર્યું તે ચાલુ સદીમાં ૧૮૯૪ માં જાપાનને ચીનના સામ્રાજ્ય સાથે યુદ્ધમાં ઉતરવું પડયું હતું. અને સને ૧૯૦૦ માં બાક્સર વિદ્રોહના સમયે પણ જાપાનને પોતાની સામરીક ( યુદ્ધ ) શક્તિ બતાવવાની ફરજ પડી હતી. તથા સહસ્રમાના રાજદ્રોહનું દમન કરવા પછી, જાપાને રૂસો–જાપાની મહા યુદ્ધમાં તો તેણે એવું પરાક્રમ બતાવ્યું કે, જે જોઇને મોટા મોટા વિદેશી રણપંડિતોએ પણ તાજુબી સાથે પોંચા કરડયા હતા. હાલમાં કેટલાક લોકો જાપાનના જંગી ( યુદ્ધ ) અને દરિઆઇ યોદ્ધાઓની રણનિપૂણતા માટે હલકો મત બતાવે છે, પરંતુ પક્ષપાતરહિત સર્વે સમાલોચકોની સમાલોચનામાં ક્યારનુંએ આવી ગયું છે. જે જાપાને રૂસીઆ જેવા મહાન સામ્રાજ્યને પોતાના મુઠીભર સૈન્ય સાથે હંફાવી એક વખત રણરંગ રાખ્યો હતો, તે જાપાનની યુદ્ધ–ક્રીડા અદ્‌ભૂતજ છે. અને આ ઉપરથી જાપાની લોકોએ એ સાબીત કરી બતાવ્યું છે કે, યુરોપવાળાં અન્ય મહાન રાષ્ટ્રો સાથે જાપાન સફલતાની સાથે યુદ્ધ કરી શકે છે. સને ૧૮૬૨ માં જાપાની સેનામાં કેવળ ૧૩૬૨૫ સેના નાયક અને સેનાનીઓજ હતા. પણ ૧૮૯૪ માં તો જાપાને એ યોગ્યતા મેળવી કે, ચીન સાથે યુદ્ધ કરવા માટે જાપાન અઢી લાખ સિપાહી અને એક લાખ સામાન–અસબાબ ઉપાડનાર માણસો સમરાંગણમાં–સમર ભૂમિપર મોકલી શક્યું. સને ૧૯૧૨ માં જાપાનની સમર સેનામાં ૧૬,૫૦,૦૦૦ અને શાન્તિ સેનામાં ૨,૨૫,૦૦૦

સિપાહીઓ હતા. જાપાનમાં પ્રત્યેક સિપાહીનું નામ લખી તેમનાં નામો રજીસ્ટર કરી સેનામાં ભરતી કરવામાં આવે છે તે આમ ભરતી કરવાનું કામ હમેશાં ચાલુજ હોય છે. બદમાશો અને કેદીઓ સિવાયના સત્તર વર્ષની ઉપર તથા ચાલીશ વર્ષની અંદરના દરેક લઠ્ઠપઠ્ઠ આદમીઓનાં નામ સેનાનીઓ તરીકે લખી લેવામાં આવે છે. અને તે સૌની જરૂર પડે, બોલાવવામાં આવતાંજ તેઓ હાજર થઇ જાય છે. તે સેવા કરે છે. દર સાલ યુદ્ધ-મન્ત્રિ ( War-secretary) એજ વિચાર કરતો હોય છે, કે કયા કયા ઇસમો લશ્કરમાં જોડાવા જેવા છે, અને કોનાં નામ રજીસ્ટર કરવાં?

[1]જાપાની સામુદ્રીક-જળ સેનામાં પણ એકજ પેઢી generation માં અલૌકિક ફેરફાર ને સુધારો થઈ ગયો છે. પ્રથમ થોડાંક વહાણ અને બેચાર મોટાં જહાજ જાપાનનું સામુદ્રીક ખાતું ધરાવતું હતું, પણ હમણાં તેની સામુદ્રીક-લશ્કરી તૈયારી એટલી બધી છે કે, તે હવે પશ્ચિમના દેશોના હુમલાઓ સાથે સારી રીતે મુકાબલો કરી શકે. હાલમાં તેની સામુદ્રીક સેનામાં મોટાં મોટાં ૧૬ લઢાઈ-જહાઝ છે. ૧૩ ક્રુઝર્સ છે. બે પ્રથમ શ્રેણીનાં, બાર બીજી પંક્તિનાં અને પાંચ ત્રીજી પંક્તિનાં Protected અર્થાત સુરક્ષિત ક્રુઝર્સ છે. અને ચાર અરક્ષિત-Unprotected છે. લગભગ સવાસો ટોર્પીડો (torpids) છે. પાણીની અંદર ચાલનાર બાર મોટાં જહાજ છે. આ ઉપરાંત બે મોટાં લઢાઈ જહાજ; ચાર ક્રુઝર્સ, બીજી પંક્તિનાં અરક્ષિત ક્રુઝર્સ, બે નૌકા-નાશક ટોર્પીડો ( destroyers ) ને ત્રણ પાણીમાં ચાલનાર બોટો તૈયાર થઇ રહી છે જેવી રીતે પશ્ચિમ સમૂદ્રોમાં ઈંગ્લેંડની પ્રભુતા ગાજી રહી છે, તેવીજ રીતે પૂર્વ સમુદ્રમાં પોતાની સત્તા જમાવવા માટે જાપાન અવિરલ પરિશ્રમ અને સંપત્તિ ખર્ચ કરી રહ્યું છે. ૧૯૧૩ ની સાલમાં, દરિઆઇ બળની બાબતમાં જાપાનનો નંબર પાંચમો હતો. આ બાબતમાં તે રૂસ અને ઇટાલીથી પણ આગળ વધી ગયું છે. આખા વિશ્વના દરિઆઇ વહાણોનો જે રીપોર્ટ ૧૯૧૦ ની સાલમાં બહાર પડયો હતો, તે પરથી જણાય છે કે, ડ્રેડનોટ્સ અને બીજાં મોટાં મોટાં લઢાઉ જહાજોની બાબતમાં, જાપાન પાંચમે નંબરે બિરાજે છે, અને તેનો નંબર ઑસ્ટ્રીઆ અને ઇટલીથી આગળ વધી ગયો છે. જો આપણે એ જોવા બેસીએ કે સમસ્ત વિશ્વમાં લઢાઉ જાહજ તથા મોટાં મોટાં ક્રુઝર્સ સૌથી પહેલાં બનાવવાનો કયા દેશે આરંભ કર્યો? તો સને ૧૯૧૨ માં જાપાનનો નંબર ચોથો હતો. પ્રશાંત મહાસાગરમાં, માત્ર જાપાનનીજ પાસે એક મહાન ડ્રેડનોટ છે, અને એથીજ મહાસાગરમાં તેની પ્રભૂતા ગાજે છે. તે સિવાય જાપાન પાસે ડ્રેડનોટના જેવાં જે બે મહાન જહાજો છે. તેના પર બાર બાર ઇંચની બાર તોપો ધડાકા કરી રહી છે. આ જહાજો બનાવવામાં જેટલી સામગ્રી ખર્ચાઈ છે, તેમાં ૮૦ ટકા સામાન જાપાનમાંજ બનેલો છે. બે મોટાં ક્રુઝર્સ, જેમાં ચૌદ ચૌદ ઇંચની આઠ તોપો છે, તે સને ૧૯૧૨ માં પહેલવહેલાં ચલાવવામાં આવેલ. એક ૩૦,૦૦૦ ટનનું જહાજ. હમણાં બની રહ્યું છે, અને તેમાં પંદર ઇંચની તોપો રહેશે એમ આશા રહે છે. ૧૮૭૧ થી ૧૮૯૩ સુધીમાં જાપાને પોતાના દરિઆઇ બળ વધારવા પાછળ છત્રીશ કરોડ રૂપીઆ ખર્ચ્યા છે. રૂસ-જાપાનના યુદ્ધ સમયે જાપાની દરિઆઇ લશ્કરમાં ૭૬ મહાન જંગી-દરિઆઇ જહાજ હતાં.

૧. આ હકીકત તથા સંખ્યા ત્રણ વર્ષ ઉપરની છે. હમણાં તો જાપાને આથી ઘણોજ સુધારો વધારો પોતાની સેનામાં કર્યો છે. ને સર્વોપરી થવા પ્રયત્ન સેવી રહ્યું છે. 'સંપાદક'

યુદ્ધ પુરૂ થયા બાદ જાપાની પાર્લામેન્ટે એ આજ્ઞા ફરમાવી કે, નવાં જહાજ બનાવવા માટે તથા જુનાં તથા રૂસીઆ પાસેથી પડાવી લીધેલાં જહાજોની મરામત માટે ૪૨ કરોડ રૂપીઆ ખર્ચવા અને લાગે છે કે ૧૯૧૭ની સાલ સુધીમાં આ બધી રકમ ખર્ચાઇ જશે. જો જાપાની સમર-વિભાગની ઇચ્છા સફળ થશે તો બીજાં સાત વર્ષની અંદર ૧૨ કરોડ રૂપીઆ, સાત જંગી-જહાજ અને ૬ જંગી-ક્રુઝર્સ બનાવવામાં બીજા ખર્ચાશે. જેમાં દરેકપર ચૌદ ચૌદ ઇંચની તોપો ગોઠવાશે. આ આખરી પરવાનગી પાર્લામેન્ટે આપી નથી, પણ દેવાશે એમ આશા રહે છે.

# जैन शाळोपयोगी शिक्षणक्रममां अभिप्राय.

પૂજ્ય મહાશય અને ધર્મવીર શેઠ વેણીચંદભાઈ શુરચંદભાઇ મ્હેતા.

મુ. મહેસાણા.

આપનો પત્ર શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી ઉપર આવેલો અને તેમાં "જૈન શાળોપયોગી શિક્ષણક્રમ તથા તે બાબત કેટલીક સૂચનાઓ" લખેલી છે તત્ સંબંધે આચાર્ય મહારાજ સાથે વાતચીત કરતાં તેઓ સાહેબે મને તે પત્ર વાંચવા આપ્યો હતો. તેના ઉપરથી મને જે જે વિચારો સુઝયા તે તે આ પત્ર સમક્ષ રજુ કરૂં છું જેથી કાંઇ પણ સમજ ફેર હોય તો તેના માટે ક્ષમા આપશો.

**આપના પત્ર ઉપરથી કરવા લાયક વિચારો તથા સુચનાઓ.**

૧. ધાર્મિક શિક્ષણ સાથે વ્યવહારિક શિક્ષણ હોવું જોઇએ, અને તેમાં ગણિત અને ચિત્ર કામ ઘણુંજ બુદ્ધિવર્ધક છે. પણ સ્ત્રીઓ માટે તે ઉપરાંત શીવણ-ગુંથણ અને ભરત કામ આવશ્યક હોવું જોઇએ.

૨. સાહિત્ય શિક્ષણમાં પ્રથમ માતૃભાષામાં લખેલ સાહીત્ય વાંચી શકે, સમજી શકે તથા તેના ઉપર પોતે સ્વતંત્ર વિવેચન કરી શકે એવા પ્રકારનું સ્વભાષાનું ઉત્તમ જ્ઞાન મેળવ્યા પશ્ચાત્ સંસ્કૃત કે અન્ય ભાષાનું શિક્ષણ આપવા ગોઠવણ કરવી જોઇએ. જેટલા વિચારો સ્વભાષાથી જાણી જણાવી શકાય તેટલા અન્ય ભાષાથી જાણી જણાવી શકાતા નથી. તેથીજ હાલ આખા ભારતવર્ષમાં પણ ઉચ્ચ શિક્ષણ જે આંગ્લ ભાષામાં અપાય છે તેના બદલે હિંદી ભાષામાં અપાય તો ઠીક એમ ઘણા વિદ્વાનોનું મંતવ્ય છે.

૩. શારીરિક બળ વધે તેવું શિક્ષણ આપવા ખાસ લક્ષ રાખવું જોઇએ, કારણ કે ધર્મ સાધન કરવાનું મુખ્ય સાધન શરીર છે. કસરત તથા વૈદકીય નિયમોના મૂળતત્વોનું શિક્ષણ આપવું જોઇએ. જૈન ધર્મના ઘણા નિયમો વૈદકીય દૃષ્ટિએ માલુમ પડે છે અને જે જે નિયમો વૈદકીય દ્રષ્ટિએ માલુમ પડતા હોય તે તે નિયમો ધાર્મિક દૃષ્ટિ સાથે મુકાબલાકરી સમજાવવા.

૪. ધાર્મિક શિક્ષણ માટે પંચપ્રતિક્રમણ, સો લીટી ફુલા, દશ સ્તવન, દશ ચૈત્યવંદન, દશ થોયો અને પંદર સઝ્ઝાયોનું શિક્ષણ, અર્થ અને વિવેચન સાથે શીખવવું જોઇએ. કેટલાક બોલ પણ મુખપાઠ કરાવવા પણ આટલા વિષયના શિક્ષણ માટે ઓછામાં ઓછા ત્રણ વર્ષની મુદત થવી જોઇએ.

૫. નવ તત્વ, દંડક, જીવવિચાર, સંઘયણ, ષટદ્રવ્ય ઉપર જેટલા આચાર્યની ટીકાઓ હોય, તે તમામ ગ્રંથોનું અવલોકન કરાવી રસાયનીક દ્રષ્ટિએ બને તેટલા દાખલા દલીલો અને મુકાબલા સાથે વિવેચન કરાવરાવી નવીન પુસ્તક તૈયાર કરાવરાવવું, અને તેનું ગોખણપટી નહિ પણ આદર્શ શિક્ષણ આપવું.

૬. શિક્ષણ આપવા માટે પુરૂષ અને શ્રાવર્ગ ઉભો કરવો અને તેમાં બની શકે તો સાધુ અને સાધ્વીઓ પણ દાખલ થાય એવી ગોઠવણ રાખવી, અને આ વર્ગ માટે ઘણા બહોળા વાંચન અને આદર્શ શિક્ષણ આપે તેવી એક મુખ્ય શાખા રાખવી જેમાં સઘળું સાહિત્ય અને શિક્ષકો રાખવા. ( હાલના શિક્ષકો ગોખણપટીઆ હોય છે અને ગોખ્યા શિવાય બીજું કાંઇ પણ જાણી શકતા નથી તેવું ભવીષ્યમાં ન બને તેની કાળજી રાખવી ).

૭. વિદ્યાર્થિઓની બુદ્ધિ ખીલે તેવા ઉપાયો યોજવા જોઇએ. ગોખેલું લાંબા કાળે ભુલી જવાય છે અને તેનો અંશ માત્ર પણ રહેતો નથી. માટે થોડું શીખવાય પણ દાખલા, દલીલો, મુકાબલા અને અર્થ તથા વિવેચન સાથે શીખવવામાં આવે તો તેની છાપ મરણ પર્યંત જતી નથી. એ ઉપર ખાસ લક્ષ આપવું જોઇએ.

૮. આવા પ્રકારનું શિક્ષણ આપવા માટે ચાર પ્રકારનાં ધોરણ હોવાં જોઇએ.

૧. શિક્ષક તથા ઉપદેશક વર્ગ માટે.
૨. વિદ્યાર્થિઓ માટે ( પુરૂષ વર્ગ ).
૩. કન્યાઓ માટે.
૪. વિધવાઓ ને પ્રૌઢા સ્ત્રીઓ માટે.

આ પ્રમાણે ચાર પ્રકારનાં ધોરણ નક્કી કરવાં જોઇએ અને તેના માટે સારા વિદ્વાનોની એક કમીટી નીમવી અને તેઓ જેના ધોરણ નક્કી કરે તે પ્રમાણે સમસ્ત ગુજરાતમાં શિક્ષણ આપવામાં આવે, અને ધોરણો પણ દર દશ વર્ષે યા જરૂર પડે તે પહેલાં પણ બદલી શકાય એવી ગોઠણ થાય તો ખર્ચેલા પૈસા ઉગી નીકળે એમ મારૂં માનવું છે.

૯. જ્યાં સુધી ધોરણ નક્કી ન થાય ત્યાં સુધી આ સાથેના ધોરણ ઉપર ધ્યાન આપવું ઘટે તો આપશો.

## ધોરણ પહેલું.

માર્ક.

૫૦ આંક ૧૦×૧૦ સુધી લાખ સુધીની સંખ્યા લખતાં બોલતાં શીખવવું.

૧૦૦ ગુજરાતી કક્કો, બારાખડી, બાળપોથી, દેવનાગરી કક્કો, બારાખડી, પહેલી પોથી.

૫૦ સમાસિક ચૈત્રવંદન. મુખ પાઠ વિધિસહ અર્થ તથા સમજુતી સાથે.

૫૦ સ્તવન, સજ્ઝાય, ચૈત્યવંદન, ગુહલીઓ, થોયો, પ્રસ્તાવીક દોહરા વગેરે મળી ૧૦ લીટી મુખપાઠ સમજુતી સાથે.

૫૦ ( સ્ત્રીઓ માટે ) ભરત, શિક્ષણ અને ગુથણ કામનું સામાન્ય જ્ઞાન. નમુના પાંચ દરેકના

## ધોરણ બીજું.

૧૦૦ ગુજરાતી પહેલી ચોપડી તથા દેવનાગરી લીપીની—ચોપડી ( પસંદ કરવી ) માંથી દરેકનાં પચાસ પચાસ પાનાં, વાંચન, વ્યાકરણ, શુદ્ધ લેખન તથા સમજુતી, (વિવેચન)

૧૦૦ હજારના અંક સુધી સરવાળા, બાદબાકી, બે અંકના ગુણાકાર, ભાગાકાર, સામાન્ય તોલ, માપ ને નાણાનાં કોષ્ટક સંખ્યા પુરી.

૧૦૦ દેવશીરાઇ પ્રતિક્રમણ પુરાં મુખ પાઠ વિધિ સાથે તથા અર્થની સમજુતી સાથે.
૧૦૦ સ્તવન, સઝાય વીગેરે ૧૫૦ લીટી મુખપાઠ અર્થ અને વિવેચન સાથે.
૧૦૦ ( સ્ત્રીઓ માટે ) શીવણ અને ભરત, ગુંથણ કામ ( ધોરણ પહેલા ઉપરાન્ત ). નમુના દશ દરેકના.

## ધોરણ ૩.

૧૦૦ ગુજરાતી કન્યા વાંચનમાળા ( ભાગ ૧ ) માંથી ફક્ત પાઠ ૧૦૦ પાનાં, દેવનાગરી લીપીની ચોપડીમાંથી ૮૦ પાનાં સારા અક્ષર લખતાં સમજુત અર્થ વ્યાકરણ અને વિવેચન સાથે—તથા લેખન.
૧૦૦ પંચપ્રતિક્રમણ મુખપાઠ અર્થ અને વિધિસહ પચખાણ પોસહ લેવા તથા પારવાના નિયમો મુખપાઠ જીવ વીચારનું સાદસ્ય જ્ઞાન.
૧૦૦ સ્તવન, સઝાય વિગેરે ૧૫ લીટી બીજા ધોરણ ઉપરાંત.
૧૦૦ ( સ્ત્રીઓ માટે ) બીજા ધોરણ ઉપરાંત શીવણ અને ભરત ગુંથણ કામ નમુના દશ. દરેકના

## ધોરણ ૪.

૧૦૦ કન્યા વાંચનમાળા ભાગ ૨ પાનાં ૧૦૦, ઉપદેશ માળામાંથી પાંનાં ૫૦ દેવનાગરી લીપી, વાંચન, વિવેચન, અર્થ, વ્યાકરણ તથા લેખન સાથે.
૧૦૦ જીવ વીચાર, નવતત્ત્વ, દંડક અને સંઘયણનું સાદસ્ય જ્ઞાન.
૧૦૦ માર્ગોપદેશીકા ભાગ ૧માંથી વીશ પાઠ.
૧૦૦ ગણીત ધોરણ ત્રીજા પ્રમાણે.
૧૦૦ ભરત, શીવણ અને ગુથણ કામ નમુના પંદર.

## ધોરણ ૫.

૧૦૦ કન્યા વાંચનમાળા ભાગ ત્રીજો પાનાં ૧૫૦, ઉપદેશ માળામાંથી ચોથા ધોરણ ઉપરાંત પાનાં ૭૫ વાંચન, વિવેચન, અર્થ, વ્યાકરણ, લેખન સાથે.
૧૦૦ કર્મ ગ્રંથ, ષટ દ્રવ્યમાંથી સાદસ્ય જ્ઞાન.
૧૦૦ માર્ગોપદેશીકા ભાગ ૧ પુરો બીજાના દશ પાઠ.
સ્ત્રીઓ માટે { ૧૦૦ પુત્રી શિક્ષા, ગૃહવ્યવસ્થા ઉપર વિવેચન તથા વાંચન, લેખન તથા માને શીખામણ.
૧૦૦ ભરતશિક્ષણ અને ગુથણના વધુ નમુના પંદર. }

## ધોરણ ૬.

૧૦૦ કન્યા વાંચનમાળા ભાગ ત્રીજો પાના ૧૫૦. દેવનાગરી લીપીમાં પાનાં ૧૦૦. વાંચન, વિવેચન, લેખન અને અર્થ તથા વ્યાકરણ સાથે.
૧૦૦ માર્ગોપદેશીક ભાગ બીજો પુરો.
૧૦૦ પ્રકરણ ઉપર વિવેચન રાખવા શીખવું નિબંધરૂપે.
૧૦૦ જૈન ધર્મનો પ્રાચીન ઇતિહાસ તથા ભારતવર્ષનો ઇતિહાસ પ્રચલીત અન્ય ધર્મોનો ઇતિહાસ.

ટીપ.—સ્ત્રીઓ માટેજ કન્યા વાંચનમાળા ચલાવવી પુરૂષ માટે સરકારી વાંચનમાળા કે બીજી ચોપડી ચલાવવી.

**મોહનલાલ સાંકળચંદ.**

# धमाधम छोडी दे पाडा !

શ્રીમદ્ આ પદદ્વારા મોહરૂપી મદિરાનું પાન કરીને મદોન્મત્ત થયેલા માનવરૂપી પાડાને પ્રતિબોધ કરે છે એવો ભાવાર્થ છે. મનુષ્યરૂપી પાડો એક તો વિચિત્ર છે અને બીજું મહાન્ નિશાવાળી એવી જે મોહમદિરા પીવાથી તે ગાંડો ઘેલો થયો છે. કેમકે ગાંડા માણસને કોઇ પણ જાતનું ભાન સાન હોતું નથી અને ગાંડાપણાની ઘેનમાં ને ઘેનમાં યદ્વા તદ્વાનો બકવાદ તે કર્યા કરે છે. ભૂતની જેમ આમ તેમ ભમ્યા કરે છે, તેને કોઇ પણ જાતની કંઇ પણ ખબર પડતી નથી. કાળરૂપી સુતાર, રવિ અને શશિરૂપ કરવતવડે મનુષ્ય જીવનરૂપી લાકડાને પ્રતિદિન છેદી નાંખવામાં પ્રયત્નશીલ છે. તેની તેને કંઇ પણ ખબર નથી. એનું કારણ પણ મોહમદિરાની ઘેનજ છે. ઇત્યાદિક કારણો વડે તેને મદોન્મત્ત પાડાની જેમ ગણી ઉપદેશ દ્વારાએ ચેતવવાનો પ્રયત્ન કર્યો છે તે યોગ્યજ છે. આટલી પ્રસ્તાવના કર્યા પછી હવે આપણે આપણા વિષય પ્રવાહમાં આગળ વધીએ.

**કવ્વાલી.**

થયો મસ્તાન ફાલીને, અણીલાં શીંગડાં મારે;
ગમે તેની પડે પૂંઠે, ધમાધમ છોડી દે પાડા. ૧

**ભાવાર્થ—**અરે પાડા ! તું ખાઇ પીઇને ખૂબ ફૂલ્યો છે, મસ્તાન થયો છે અને બળવાન બન્યો છે અને પાછાં તારાં અણીવાળાં શીંગડાં મારે છે. તેમજ ગમે તેની પાછળ પડી જાય છે એવી ધમાધમ છોડી દે !

**વિવેચન—**હે માનવ પાડા ! આ જગતમાં તું, હું અને મારૂં તથા પારકાનું કરી કરી ખૂબ ફૂલ્યો છે. એમાં ને એમાંજ આસક્ત થઇ ગયો છે પણ એમાં વાસ્તવિક રીતે જોતાં સત્ય શું છે ? તેનો વિચાર કરી જોવાની જરૂર છે. તેનાથી તને જણાશે કે તું કોઇનો નથી અને તારૂં પણ કોઇ છે નહિ. મનની ગતિ એવી પ્રબળ અને ચપળ છે કે જ્યાં મતિની રતિ માત્ર ગતિ નથી અને તે વિજળીના પ્રબળ વેગને અથવા વાયરલેસ ટેલીગ્રાફીને પણ એક બાજુએ બેસાડી દે ! હે પાડા ! તું જગતમાં આળપંપાળ ચિંતવી આર્તધ્યાન તથા રૈદ્રધ્યાનના અણીવાળાં તીક્ષ્ણ શીંગડાં શા માટે મારે છે અને તેને દુઃખી કરે છે. વિચાર કર કે તેમાં તને શું સુખ ઉત્પન્ન થવાનું છે ? કંઈ નહિ. ફક્ત મનના વિચારોજ મનસાગરમાં ઉત્પન્ન થયા અને વિલય થઇ ગયા એટલે કે **સાપ ખાય અને મુખ તો ખાલીજ રહે** તેમ કોઇ જરા માત્ર ભ્રાન્તિ સુખ જોઇ તે મેળવવાની ભ્રમણાથી તું શા માટે તેની પાછળ પડે છે ? શું તેની પાછળ પડવાથી તારા મનોરથ સિદ્ધ થશે કે ? નારે ના ! કારણ કે કંઇ સર્વ સ્થળે મનોવૃત્તિઓ તૃપ્ત થતી નથી.* તને જે પીળું પીળું જણાય

---

* સર સર હંસ ન હોત, બાજ ગજરાજ ન દરદર;
તર તર સુફળ ન હોત, નારી પતિવ્રતા ન ઘર ઘર.
વન વન સુમતિ નહોત, મોતીજલ બિંદુ ન ઘન ઘન.
ફન ફન મણી નહીં હોત, સર્વ મલયા નહીં બન બન;
કહું રન હોત ન શૂર સબ, નર નર હોત ન ભક્ત હર;
નરહર કવિ સુકવિત્ત પ્રીય, સર્વ ન હોઈ એક સર. ૧

તે બધું સુવર્ણું નથી હો કે! માટે હવે હે બંધુ! તું તે પ્રકારની ધમાધમ છોડી દે રે મુકી દે.

ફરે સ્વેચ્છા થકી જ્યાં ત્યાં, બગાડે ખેતરો પુષ્કળ;
નથી સારૂં અરે તેમાં, ધમાધમ છોડી દે પાડા! ૨

**ભાવાર્થ:**—પોતાની ઇચ્છાનુસાર ગમે ત્યાં ફર ફર કરી પુષ્કળ ખેતરો તું બગાડે છે. ખરી રીતે જોતાં તે સારૂં નથી.

**વિવેચન:**—હે પાડા! તું પોતાના આત્માની અનંત ઋદ્ધિને ઓળખ્યા વિના મોહમાં અંધ બનીને ગમે તેમ પોતાની મરજી મુજબ આમતેમ ભમ્યા કરે છે પણ કંઇ સમજ! તેમાં તને બહુ નુકશાન થશે. અરે તેં એ નિશ્વામાંને નિશ્વામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંત વીર્યના ખેતરો બગાડી મેલ્યાં છે. એના પ્રભાવેજ તારૂં જે શ્રેય થવું જોઇએ તે થઇ શક્યું નથી. માટે હે પાડા! આ જંજાળી જગતની જબરદસ્ત જાળને છેદી નાંખવા કટિબદ્ધ થા! અને નકામી ધમાધમ છોડી દે!

**વિવેચન**—પોતાની ઇચ્છાનુસાર જ્યાં ત્યાં આમતેમ અથડાઇ આત્માની અનંતઋદ્ધિના પુષ્કળ ખેતરો બગાડે છે માટે હે પાડા! તેમ ન કર. તેમ કરવું કલ્યાણકારક નથી.

ચઢાવે શીંગડે વેલાં, કરે મસ્તી બહુ બૂરી;
ગળે કોઇ બાંધશે ડેરો, ધમાધમ છોડી દે પાડા. ૨

**ભાવાર્થ**—નાના પ્રકારના વેલાઓ શીંગડે ચઢાવી તું બહુ મસ્તી અને તોફાન કરે છે. તારા ગળામાં કોઇ ડેરો બાંધશે માટે તું ધમાધમ છોડી દે.

**વિવેચન**—સદ્ગુણ રૂપી સુખદ વેલાઓનો હે પાડા! શીંગડા ઉપર ચઢાવી શા માટે નાશ કરી નાંખે છે? કોઇ કાળે તારા ગળામાં કદાચ કોઇ ડેરો બાંધી દેશે તો તું દુઃખી થઇ જઇશ. અર્થાત્ જ્યારે કાળ આવીને કે મૃત્યુરૂપ ડેરો તારા ગળામાં બાંધી દેશે ત્યારે તું શું કરી શકીશ? હું અને મારૂં એના યોગે તું બહુ ભુંડાં તોફાન કરે છે. તે તને ઉચિત નથી; કારણકે તે તને પરભવમાં બહુ દુઃખ દેનારાં થઇ પડશે. માટે હે માનવ મન! તું ઉક્ત પ્રકારની ધમાધમ છોડી દે. કંઇ ધર્મસાધના કરી લે! જે કરવાનું છે તે કરી લેજે. જે સમય જાય છે તે અમૂલ્ય છે. નહિ તો મનની મનમાં રહી જશે અને બધી વાત વંઠી જશે.

વાંચકો! આ જગતના પદાર્થ માત્ર અસ્થિર અને વિકારી તેમજ અતિ ચંચળ છે. ઉદય પામનાર ક્યાં જઇ અટકશે અને તે ક્યારે પડશે; એ કોઇનાથી જાણી શકાય તેવું છેજ નહિ. જે ચઢે છે તે સઘકાળ પડવાના (પ્રાયઃ) માર્ગમાંજ છે. પ્રારબ્ધ અલક્ષિત છે, અકાલ્પનિક છે તેમાં મુર્મુરકણિકા હશે કે કોયલો તે તથા દુઃખી થતા મનુષ્યનું પારબ્ધ લક્ષ્ય ભણી હશે કે અલક્ષ્ય ભણી તે કોણ જાણી શકે છે કે? એક ક્ષણમાં અસ્ત થવાનો હોય છે; પરંતુ તે ઉદય પામનારના અથવા અન્યની કલ્પનામાં આવતું નથી. '**धर्मस्य त्वरिता गतिः**' ધર્મની ગતિ ઉતાવળી છે, તેનું કારણ તપાસવામાં આવે તો જણાય છે કે ધર્મ કરવાનાં સાધન રૂપ ચિત્તની વૃત્તિ, ધનાદિ શક્તિ અને દેહ ઇત્યાદિ ક્ષણભંગુર છે. તેથીજ કહેવામાં આવ્યું છે કે કંઇ પણ સારૂં કરવાનું ધાર્યું હોય તો તે તેજ ક્ષણમાં કરી [illegible] છે, એ વિષયને સારી રીતે જાણનારા કહે છે કે:—

" श्वः कार्यमद्य कुर्वीत पूर्वाण्हे चापराण्हिकम् ॥
न हि प्रतीक्षते मृत्युः कृतमस्य नवा कृतम् " ॥

"જે કાલે કરવાનું તે આજે કરે, પાછલે પહોરે કરવાનું હોય તે આગલે પહોરે કરે. કારણકે આ મનુષ્યનું કાર્ય કરાયું છે વા નથી કરાયું" એવી વાટ મૃત્યુ જોતા નથી.

અરે તું તોડીને રસ્સી, ફરે છે ભૂતની પેઠે;
બુરી આદત શિખ્યો ક્યાંથી, ધમાધમ છોડી દે પાડા. ૪

**ભાવાર્થ**—અરે પાડા ! તું દોરડું તોડીને ભૂતની પેઠે બાહુક થઇ આમતેમ ફર્યા કરે છે એ બુરી આદત-ટેવ-તું ક્યાંથી શીખ્યો વારૂ ?

**વિવેચન**—જીજ્ઞાસુ જનો સદ્‌ગુરૂના ઉપદેશથી મનને વશ કરવા માટે જ્ઞાન ધ્યાનમાં મસ્ત રહે છે. અને મનને બાંધવાનો પ્રયત્ન કરે છે. ત્યારે આ મન પાડા જેવું હોવાથી તે દોરડું તોડી ત્યાંથી ન્હાસી જવા પ્રયત્ન કરે છે અને આત્માને ચારે ગતિમાં રખડાવે છે. જેમ પાડો ગમે ત્યાં ફર્યા કરે તદવત્ હવે જો કોઇ ઢોર દોરડું તોડી ન્હાસી જાય અને આમ તેમ ભ્રમણ કર્યા કરે તેવા ઢોરને માટે લોકો કહે છે કે-' આ ઢોર સાળું ઘણું ખરાબ છે હો ! એને બહુ બુરી આદત પડી ગઇ છે. ' એવીજ બુરી આદત મનને પડવાથી તેને કોઇએ પુછયું કે હે પાડા ! તું આવી બુરી આદત ક્યાંથી શીખ્યો ?

ધણી સામે થતો મોહે, હરાયા ઢોરમાં લેખું;
શિખામણ માન સ્વામીની, ધમાધમ છોડી દે પાડા. ૫

**ભાવાર્થ**—હે પાડા ! તું હરાયા ઢોરની જેવો બની મોહવડે સદ્‌ગુરૂ રૂપ સ્વામીની સામે કાં થાય છે ? અરે ! એ સ્વામીની શિખામણ માની લે.

**વિવેચન**—જેમ હરાયું ઢોર હોય તેને પકડવા જતાં તે સામું થાય છે, મારવા દોડે છે તેવું આ મન છે. તે ઢોર ભાનવિના ભમ્યા કરે છે. તેવીજ રીતે મનરૂપી માહિષ જગતના મિથ્યા મોહમાં મુંઝાઇ સદ્‌ગુરૂની સામે થાય છે. તથા બીજા કોઇ સુજ્ઞ કે સજ્જન પુરૂષ આ મન રૂપી પાડાને સમજાવે તો તે તેની સામું થાય તેમ છે. સદ્‌ગુરૂની અમૂલ્ય સુવર્ણમય શિખામણ હૃદયમાં ધારણ કરી રાખવાને બદલે તરછોડી નાંખે છે એ એની કેટલી બધી અજ્ઞાનતા છે. તે જીવને આ પદના રચનાર શ્રીમદ્ યોગનિષ્ટ સૂરિજી કહે છે કે હે મનરૂપી પાડા ! હવે તું એ હડકાયા ઢોરના જેવી ધમાધમ તજી દઇ સદ્‌ગુરૂની શિખામણ મુજબ આચરણ કર અને સંસાર વાડીમાં વિશુદ્ધ વૃત્તિ વિચાર કે જેથી તારી ક્ષણભંગુર કાયાનું કંઇ કલ્યાણ થાય !

સરોવર ડોલતો આખું, ઘણો મકલાય તોફાને;
નથી તુજમાં જરા શાન્તિ, ધમાધમ છોડી દે પાડા. ૬

**ભાવાર્થ**—સર્વ સરોવરને ડોહળી તું તોફાન કરી મનમાં ખુશી થાય છે. પણ તેમ કરવાથી તને તો જરા માત્ર શાન્તિ થવાની નથી. અને તેમ કરીને તું કંઇ સુખ માની શકતો હોય તો તે તારી ભ્રાન્તિ છે. માટે ધમાધમ ત્યજ અને પ્રભુ ભજ.

હે મન માનવ પાડા ! આત્માના સરોવરમાં પવિત્ર-સ્વચ્છ-નિર્મળ અનુભવ જળ રહેલું છે. તેને તું ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાયથી તોફાની બની તેને પ્રમાદરૂપી કીચડ-કાદવ વડે ડોહળી નાંખી અપવિત્ર અસ્વચ્છ અને મલીન કાં કરી નાંખે છે ! એ તારી અનુ-

ચિત પ્રવૃત્તિનો તું ત્યાગ કર. તેથી શુદ્ધ અનુભવથી પ્રાપ્ત થતી શાન્તિનો કિંચિત્ માત્ર ઉપભોગ તું લઈ શકતો નથી. જ્યાં સુધી જીવને આત્મા અને શરીરનું ભેદજ્ઞાન ન થાય ત્યાંસુધી આત્માના અનુભવથી થતું અકથનીય સુખ મળી શકતું નથી. કારણ કે ભેદજ્ઞાનની ગેરહાજરીમાં આત્માનો અનુભવ થવો સર્વથા અતિ કઠિન છે. જ્યારે એમ છે ત્યારે મનરૂપી પાડો આત્માના અનુભવરૂપી શુદ્ધ સલીલને પાપપંકથી ડોહળી ગંદુ કરી નાંખે અને અપવિત્ર બનાવે ત્યારે કહો જોઇએ કે કિંચિત્ માત્ર પણ શાંતનું સુખ મળી શકશે કે કેમ? માટે આ તુચ્છ બુદ્ધિને એવું લાગે છે કે ભેદજ્ઞાન થવાની અત્યંત આવશ્યકતા છે, અને મૂળ લેખકનો પણ તેજ અભિપ્રાય હોવો જોઇએ. ભેદ જ્ઞાન થતાંજ ભવિષ્યમાં સુખનાં સાધનો અને તેમાં આગળ વધવાનો માર્ગ મળવો કંઈ કઠિન નથી.

જુએ નહિ લાભ વા હાનિ, કરે મૂતર સરોવરમાં;
થયો મોટો હવે તો લાજ! ધમાધમ છોડી દે પાડા. ૭

**ભાવાર્થ:**—નફો અને નુકસાન ન જોતાં પાડો જેમ સરોવર જળમાં મૂતરે છે. તેને કહે છે કે હે પાડા! તું મોટો થયો છે માટે એમાં મૂતરતાં જરા શરમ રાખ!

**વિવેચન**—મદમાં મસ્ત બનેલો પાડો સરોવરમાં મૂતરે છે, છાણ કરે છે અને તોફાન કરી સ્વચ્છ નીરને અસ્વચ્છ કરી મૂકે છે. તેવીજ રીતે જીવરૂપી પાડો છે. મોહ મદિરાનું પાન કરેલું હોવાથી તેનું જ્ઞાન વિસરાઇ ગયું છે, અજ્ઞાનતા આવી ગઇ છે તેને લઇને તે કર્તવ્યાકર્તવ્ય, હિતાહિત, સારાસાર, અને મન્તવ્યા મન્તવ્ય–યોગ્યાયોગ્યને વિચાર કરવાનું ભૂલી ગયો છે. અંધ બની ગયો છે અને તેથીજ લાભાલાભને ન જોતાં તે સરોવરનું અનુભવ જળ અપવિત્ર અને ગંદું કરી નાંખે છે. તેમ થયું એટલે આત્માની તેજસ્વી પ્રભા ઉપર કર્મનો સ્યામ પડદો પડે છે, તે પડદાના પડધાથકી ભેદ જ્ઞાન, આત્માનુભવ, અનંત રત્નત્રયીની તેજસ્વી જ્યોત્સનાનો લોપ થઇ જાય છે અથવા એમ કહો કે તે ઢંકાઇ જાય છે. એઓને ન બગાડવા માટે શ્રીમદ્ કહે છે કે હે પાડા! એમ ન વર્તીશ. કારણ કે તું કંઇ અજ્ઞાન તિર્યંચ નથી, અસંજ્ઞી નથી, નાનું બાળક પણ નથી, તેમ અસંજ્ઞ પણ જણાતો નથી. ત્યારે કોણ છે? તો કે જેની પ્રાપ્તિ થવા માટે સ્વર્ગવાસી મગનવિહારી દેવો પણ સદાકાળ ભાવના ભાવ્યા કરે છે, તે મેળવવા આતુર રહે છે તેજ માનવ ભવ તને મળ્યો છે. તું માનવ છે, જ્ઞાન પામ્યો છે, સંજ્ઞારહિત પણ નથી, ઉત્તમ કુળ પામ્યો છે.

---

મોં તથા દાંતમાં ખાધેલુ અનાજ ભરાઇ રહેવાનો સંભવ છે. ખાઇને સારી રીતે મોંઢાંને તથા દાંતને સાફ નહિ કરનારા લોકોનું મોં વાસ મારે છે, અને દાંતમાં અનાજ ભરાઇ રહેવાને લીધે ઘણીવાર દાંત સડે છે પોલ પડે છે અને પછી દાંતમાં કે દાઢમાં વારંવાર ચસકા આવી પીડા ભોગવવી પડે છે; એટલુંજ નહિ પણ જેના દાંત બગડે છે તેની પાચનક્રિયા પણ બગડે છે; માટે ખાધા પછી દરેક વખતે પુષ્કળ પાણીવડે મોં તથા દાંતને ધોવા. રાત્રે સુતી વખત મોં સાફ કરવું અને સવારે દાતણવડે તેમજ મેલ કાપનાર મંજનવડે મોં સાફ કરવું. મોઢાંની ખરાબ વાસ એવું બતાવે છે કે અંદરની હોજરી આંતરડાં તથા અમનળ બગડેલ છે.

# मनुष्यकृति अने अगाध दैवीशक्ति.

( અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૨૨૩ થી. )

નીહાળી ત્હારૂં મુખ ચંદ્ર હાર્યો, ક્ષિતિ તજી અભ્રમહિં તે ભરાયો;
[1]સુકેશિ જોઇ તવ રમ્ય કેશ, મયૂર છોડે નિજ પિચ્છ વેશ. ૧૪
ભ્રકૂટી કોટી અતિ વાંક વાળી, બન્યો દિવાનો સ્મર તુર્ત ભાળી;
ગયું શું? મ્હારૂં ધનુ અન્ય હસ્ત, સ્વપાસ દેખી ઝટ થાય મસ્ત. ૧૫
પ્રવાલવત્ ઓષ્ઠ નિહાળી રક્ત, પાનાર્થે ભૃંગો બની જાય મત્ત;
તે ઉપરે દંતની શુભ્ર કાન્તિ, પડે થઇ ત્યાં ઉપમાની શાન્તિ. ૧૬
રે ! શંખના જેવી નિહાળી ડોક, ભ્રમે પડયા પણ્ડિત લોક થોક;
આનંદમાં મગન બનેલ કોક, સુખી બન્યા છોડી અનેક શોક. ૧૭
" જેથી વખાણો મુજ અંગ વ્હાલા, ગુણો પ્રકાશે અતિશે ત્હમારા;
દીપાવતો ભાનુ સ્વતેજ સર્વ, ન કાંઇ દાખે દિલ માંહી ગર્વ. ૧૮
**આવી રીતે રાત્રી વ્યતીત થાતાં, પ્રભાત થાતું રવિ દિસ થાતાં;**
**સુધાંશુ નિસ્તેજ બન્યો અરેરે!! ભાઇ સહુનો ઉદયાસ્ત છે રે:—** ૧૯
**ન સુખમાં હર્ષ જરાક માનો, ન દુઃખ આવે દિલમાં દુખાઓ;**
**ન રોજ ને રોજ સુખો દુખો રે, આવે પ્રસંગે વળી તે ટળે છે."** ૨૦

### अनुष्टुभ्.

ગઇ રાત્રી થયું વ્હાણું પક્ષી કોલાહલે કરે,
ના રાત્રી વાત થૈ પૂર્ણ તેવે આ વાણી ઉચરે. ૨૧

### रथोद्धता.

" નાથ! નાથ! ફરવું મ્હને ગમે, સિન્ધુમાં શુભ [2]નિશાન્તને સમે;
વાત ચિત્તહર શાન્ત વાય છે, કૈંક લોક ગણુથી ન'વાય છે." ૨૨

* * * * *

### अनुष्टुप्.

" રોજનાથી જૂદો દિસે, આજનો દિન તો મ્હને,
અબ્ધિમાં ફરવું તે તો નથી કૈં ગમતું મ્હને." ૨૩

### उपजाति.

" છતાં રૂડા વાક્ય થકી ત્હમારા, વિચાર શા કામ તણા અમારા;"
લીધું વદી નાવ સુવર્ણ વર્ણ, જે છે પડેલું રવિ કિર્ણ શર્ણ. ૨૪
નાવો ગ્રહ્યાં ને કટિ [3]વસ્ત્ર બાંધ્યાં, સમુદ્ર તીરે ઝટ અગ્ર વાધ્યાં;
લગાવતાં હેત થકી હલેસાં, એ કોશ આવી જલમાંહી ઊભાં. ૨૫

---

1 અત્ર કૃષ્ણત્વે નહિ, કિન્તુ મયૂર પિચ્છાહ્લાદકત્વે સામ્ય છે. 2 પ્રભાત. 3 સહુજ આડા વિચાર.

तोटक.

પતિ વાણી વદ્યો મન હર્ષ ધરી, સુણ નારી વિધિ કરણાળુ ઘણી;
" તુજ જેવું રસિક સુરત્ન દીધું, દુઃખ સર્વ અમારૂં [1]વિદારી દીધું." ૨૬

अनुष्टुभ्.

અરે! ભાઇ ભલે વાત કરી સે શાન્ત સિન્ધુમાં;
હમે એ સુખમાં હો'તે દૈવને ગમતું નથી. ૨૭
અતિ આનન્દથી વાતો કરે છે શાન્ત સિન્ધુમાં,
તજે પક્ષી દીઠાં શબ્દો—કરી ઉડન્ત અભ્રમાં. ૨૮
રેડાયું તેલ તે વારે, તે યુવકના શરીરમાં;
બોલ્યો ગદ્ગદ કંઠેથી " હે પ્રિયે! તું ડરીશ મા." ૨૯

इन्द्रवज्रा.

જે શબ્દ [2]ગન્ત્રી સમ તું સુણે છે, તેને [3]જનોઽબ્ધિ પુરનો ભણે છે;
થોડીક વારે અહિં આવશે તે, મૃત્યુ હમારૂં તુજ લાવશે તે. ૩૦
જો તું જીવે તો સુખથી ગૃહે જૈ, વિસારી દેઇ મુજને રહી લ્હેં;
અર્હન્ તણું નામ ઉચારી રોજ, કરો રૂડા કાર્ય કરોડ મોજ. ૩૧
**મનુષ્યનું ધાર્યું નથી થવાનું, કર્મે કર્યું નિશ્ચય તે થવાનું;**
**કો પે'લું કે કો પછીથી જવાનું, ત્યાં પાપને પુણ્યજ આવવાનું."** ૩૨

अनुष्टुभ्.

પતિના મુખના શબ્દો છેલ્લા તે સર્વ સાંભળી;
દુઃખ વજ્રથી છેદાની લતાવત્ નાવમાં ઢળી. ૩૩
પૂરપાટીથી આવન્તાં મોજાંનાં વારિને ગ્રહી;
સિંચી સિંચી મુખે તેણે નારીને શાન્ત ત્યાં કરી. ૩૪

इन्द्रवज्रा.

ત્યાં બોલવા નારી પ્રયાસ થાતાં, છોળો થકી નાવ ગયાં તણાતાં;
તું વાત તેવી સુણ મુજ[4] મિત્રા, " **गतिर्विधातुः कथितविचित्रा.** ૩૫
**નથી સંબંધી નથી કો વિરોધી, ના છોડ ભાઇ ભ્રમ કેરી પોથી;**
**સહુ સંબંધી સહુ છે વિરોધી, મલ્યું બધું અત્ર ઋણાનુબન્ધી.** ૩૬

अनुष्टुभ्.

છૂટાં બેઉ થયાં એ તો ભિન્ન ભિન્ન દિશા ગયાં;
મળો કે ના મળો ભાઇ અત્યારે તો છૂટાં થયાં. ૩૭

द्रुतविलम्बित.

જગતમાં જન સર્વની આ ગતિ, બનતિ એમ કહે મુજની મતિ;
સુણી, અનુભવી આપ બનો સુખી, **મગનલાલ** કુતૂહલથી લખે. ૩૮

---

૧ કાપી. ૨ આગગાડી. ૩ જનો અને અબ્ધિપુર શબ્દને છૂટા સમજી અર્થ કરવો. ૪ મિત્રનું સંબોધન હે મિત્ર, એવા અર્થમાં.

# सन्यास अने शिष्यव्रत.

લપ્યાયો સૂર્ય પશ્ચિમ સંકેલી નિજ રશ્મિ સૌ:
[1]સરે આશા ભર્યા ઉંડી વિલાતાં કમળો બધાં.
વળ્યાં માળા ભણી પંખી: વસ્તી ગામ પ્રતિ–ગૃહે:
ચરી ચારો પશુ માંડે: પગલાં ગોવાળ પાછળે.
લાડ–કોડે રમે સન્ધ્યા, આભના શુભ્ર આંગણે:
ગિરિ ગૂહા, જળે, વૃક્ષે, આછી છાતી ચન્દની.
પઢાવા પાથર્યા રંગો, પાઠ માનવ–બાળને:
દિશાઓમાં ભરી શાંતિ, ડોલે ઘેરી ગહનતા.
કૈંક દેવાલયોમાંથી ઝેબી ઘંટારવ વહેઃ
વહે વાયુ ઝીણો: આ બે શાન્તિના પડને ચીરે.
દર્શ દે જ્યાં દિવ્ય જ્યોતે, કુદરત કર્તા તણાં:
ગાઢ એવા અરણ્યે આ સન્ધ્યા કેવળ એકલી.
કુંજ જાંબુ–વૃક્ષની ત્યાં દેવ–પુષ્પ વિમાનશી:
સૃષ્ટિનાં સર્વ સૌન્દર્યે રસાયાં નિજ કુંજમાં.
અણુવાંચ્છ્યાં પુષ્પ ફોરે, ફોરે તેમ પવિત્રતા:
પ્રેમના ને દયાના જ્યાં, પ્રવાહો વહે અસ્ખલિત.
શાન્ત એવી શીળી: છાંયા નીચે પદ્માસન ધરી:
સમાધિ સાધિ સિદ્ધાર્થ બેઠા જ્યોતિ પ્રકાશતા.
રેલાતું નિજ આત્માથી ઓજસ જેની પ્રભાવડે:
ઘટાળી કુંજનાં ગાઢાં, ઘોર અન્ધાર વીરમ્યાં.
વટાવી આ [2]કુટી જાતાં, જેના વાતાવરણથી:
હૈયાં શુષ્ક–બુઠ્ઠાં, પામે સહસા નવચેતના.
કળેના લોક આ લીલા, કે કળવા ના વાંચ્છતા:
સર્જેલી ક્ષુદ્ર સ્વહસ્તે સૃષ્ટિથીજ સંતોષતા.
સંસારાશક્ત સંસારી ભૂલે ભાવ ક્ષિરાબ્ધિના:
ખારા સિન્ધુ વિષે ડૂબે નવતેરા લ્હાવા ત્યજી.
ધન્ય આ'વા મનુજોથી પ્રાણી કે પંખી આત્મને:
બલાં જે રોજ લપ્પાતાં કુદરતની સોડયમાં.
રમંતું કુંજની કોર્યે તાજા શોણિતથી ભર્યું—
મૃગ તે ઉછળી આવ્યું સાનિધ્ય બુદ્ધની હુંફે.
તાર બોધિ સત્વ સાથે, સન્ધાતા બુદ્ધના હતા:
ડરેલું માનવી કેરો પડઘો પામી દૂરથી.

---

૧ સરવર પરે. ૨ ઝૂંપડી.

દર્યાં છે શું પશુ પંખીની આંખ્યે માનવ હિણાં !
ભાવના કે દયાના શું અંશે માનવમાં નથી ?
ભાસે નૂર ભરેલ ભવ્ય ભૃકુટિ, આત્મા રસ્યો શૌર્યથી,
પ્હેર્યો પાઘ કસી, ધર્યો જરકસી જામો રૂડો કિમ્મતી;
તે જામે સમશેર એક લળકે ને દંડ હસ્તે દીપે,
છાજે આ સૌ ચિહ્ન રાજસુતનેઃ યુવાન કલ્પાય તે.
ઢળ્યું યુવાનનું હૈયું સિદ્ધાર્થની સમાધિથીઃ
નિવેદે વાંચ્છનાઃ સ્વામીને ચરણે શિરવન્દીનેઃ—

" સત્કારશો મુજ રાંકનેઃ
" સ્વામિન્ !
" અગણિત વન્દન આપને.

" બહુ દૂર કુંચબ દેશ ત્યાંનો રાજપુત્ર હું રાજવી,
" અભિધાન મ્હારા ચન્દ્રસિંહથી ઓળખે સૌ માનવી;
" પ્રભુતા પ્રભા તમ પવન લહરીથી મ્હને માહિત થઇ,
" મુજ સમૃદ્ધિ, સ્નેહિ-સગાં, સંસાર ત્યજી આવ્યો અહીં.
" સત્કારશો મુજ રાંકનેઃ
" સ્વામિન્!
" લવ ચાહું ના ઇહલોકને. "

બુદ્ધની વળી દૃષ્ટિ અહીં
બોલ્યા નાઃ
યુવાન કરતો વિનંતિઃ—

" હું બાલ્યકાળથી બહુ વિધિ ધર્માનુસારજ સંચર્યો,
" મ્હેં સદ્‌ગુરૂની સ્હાયથી, વ્રત, દાન, તપ બહુ આદર્યા;
" મુજ જીવન કીર્તિથી ભર્યું, વ્યવહારમાં નિપૂણ વળી,
" શું હોય નહિ હું પાત્ર? બોલો કેમ ના? શકું શે કળી?
" શિષ્યવૃત્તિ મુજમાં ના રહી ?
" કહેશો કંઇ.
કહે બુદ્ધ આટલુંઃ—"ના—નહિ."

" બુદ્ધ કાંઇ તો બોલ્યા સહી !
ધન્ય ! "
યુવાન બંધ થયો કહી.

પડઘો પડયો તે રાજવીના હૃદય વિષે અવનવોઃ
ગીત—" ના—નહિ " નું ચાલ્યું, પામ્યું ઉર કાંઇ અનુભવો.
" પ્રભુ ! માન્યતા મુજ ઘોળી પીઉં, કરૂં આપ ઇચ્છા—માહરી;
" થઉં શિષ્ય શી રીતે ત્હમારો બોધશો કરૂણા કરી. "

ઉભો યુવક જીજ્ઞાસુ થઇ
બુદ્ધ બોલ્યાઃ—
"તું શોધ, ને જડશે સહી."
સમજ્યો ન, કે શું શોધવું? પૂછતાં મળ્યો ઉત્તર નહિ!
માની "કસોટી" વાળ્યું મનઃ "મળવું ફરી ક્યારે અહીં?"
પૂછ્યું યુવકે
"ચોમાસું વીત્યે આવજો."
બુદ્ધે કહ્યું.
નમ્યો આત્મા નમ્યું શીર્ષ, પાથરી હૈડું પદે પડયો,
અવધોની સ્મૃતિ સાંખી, યુવાન ત્યાંથી સંચર્યો.
ખૂબ પેંડ જામ્યુ કુંજે ને કુંજોથી ભર્યાં વને;
છવાઇ શાન્તિ, ને આવી મૃગ કુંજ સહે રમે.
* * * * *
આશામાં વહી જાય વર્ષ સહસા ટુંકીપળો તેહની,
વીતી તે અવધો સલીલ વહનેઃ વર્ષાઋતુ રેલતી;
ઘેરૂં વ્યોમ ઘને ભરેલ ગરજે વાયુ વહે કારમો,
છેડે વિશ્વ સમસ્તને ભય દઇ કૈં વીજ ને કાટકા.
દુઃખીનાં દુઃખથી ભરેલ સરખી અંધારી દિશા બધી,
વૃષ્ટિ સૃષ્ટિ તરાવશે ઘન તણી ઉલેચીને ઉદધી;
વાવાઝોડું વહે કરાળ મુખશું દારૂણુ તોફાનથી,
ન્હાસે ત્રાસી મહા બલીષ્ટ વનનાં પ્રાણીઃ વપુ કંપથી!
જે યોદ્ધે સમરાંગણે ફુલ ગણ્યાં તીણાં મહા તીરને,
ગાંઠે મૂસળધાર તે ન વરષા શૌર્યે પૂરો સ્થિર જે;
આવ્યો મુદત વીતતાં વન વિષે યુવાન જાંખુ કુંજે,
ન્હાતો શ્રદ્ધા, આશ, ખંતથી રસી વર્ષાતણી રેલમાં.
દીઠી બુદ્ધતણી ગુફા અણુ ભીંજી, ન્હોતી ઘપી રેલ ત્યાં,
મુક્તાબુન્દ સમાન બિન્દુ જળનાં આછાં લીલા માંડવે;
એવા સ્વચ્છ સ્થળે સમીપ બુદ્ધની પ્રાણી લપાયાં હુંફે,
"આ શો યોગ-પ્રભાવ!" યુવક વદી પ્રેમે પ્રવેશે કુંજે.
પ્રાણી હિંસક આવતા યુવકના સ્હામે ધસે કુંજથી,
તેને શાંત-સમાધિ મુક્ત કરતા, સિદ્ધાર્થ પંપાળતા;
નિર્ભ્રાન્તિથી કર્યો પ્રવેશ યુવકે ને ઢાળ્યું સર્વાંગને,
સત્કારી અમીદષ્ટિથી બુદ્ધ બધું, યુવાનનું સાંભળેઃ—
"વિલાસો, વ્હાલ ને માયા, સર્પ કાંચળી શાં તજ્યાં
"તજ્યાં સુખો સગાં સાથીઃ એકાન્તવાસને સજ્યો
"સત્કારશો શિષ્ય આ."
બુદ્ધે કહ્યું કેઃ—"ના.

"તિમિરે વરષાનોઁ હેલોઁ વરસે, ત્યાં દે પ્રભા વીજળી;
"અંગે કાં ન પડે! નભેથી સરતાં–હીણો હું–એ કુમળી!!
"કિંવા માર્ગ કરે ભૂમિ શિદ નહિ સંખ્યાય "ના" શી રીતે?"
ઉભો સ્તબ્ધ યુવાન તર્ક કરતો પાષાણ મૂર્તિ સમો.
ભાવો સર્વ કળી યુવાન મનના, બુદ્ધે ચહ્યું બોલવા,
રેલાતો પડી પાતળો ઘન અને ઉઘાડ કાંડયો જરા;
તોફાનો ત્યજી વાયુ શાન્ત પડતો જાણે ગિરા સૂણવા,
મૃદુ મૃદુ લ્હેર વાતોઁ શીત, તેવી વાણોઁ સિદ્ધાર્થનીઃ—

(અપૂર્ણ.)

**કેશવ. હ. શેઠ.**

---

# संकल्प बळ.

"જીંદગી મિથ્યા છે" "આયુષ્ય અલ્પ છે," "સંસારમાં શો માલ છે," "ઝાઝું જીવવામાં શો સાર છે," "વહેલું મોડું પણ મરવું છે." આવા આવા માલ વગરના અને નિરાશાના વિચારો અને સંકલ્પોએ જીંદગીના મહત્વને ઉતારી પાડવામાં તથા તેની અલ્પતામાં ઉમેરો કરેલો છે. જીંદગી ટુંકી થવાનાં કારણોમાં અયોગ્ય ખાનપાન, આહારવિહારાદિ નિયમોનું ઉલ્લંઘન, સાંસારિક હાનિકારક વ્યવહારો અને ઉત્પન્ન થતા રોગો ઇત્યાદિ અનેક કારણોની અત્યાર સુધી વિદ્વાન ડાક્ટરો અને વૈદ્યો ગણના કરતા આવ્યા છે, પણ એ જીંદગી ટુંકી થવાનું એક બીજું કારણ ગુપ્તપણે પોતાનો જબરો મારો ચલવે જાય છે તે આપણા લક્ષમાં નથી. એ કારણ "મનનો સંકલ્પ" છે. સમજણા થઇએ છીએ ત્યાંથીજ મૃત્યુના ભયની અને જીંદગી વ્યર્થતાની વાતોના સંકલ્પો આપણા મન સાથે બંધાવા માંડે છે. ક્ષણે ક્ષણે મૃત્યુના ભણકારા આપણા બીકણુ અને બાયલા બનેલા મનને ભડકાવી દે છે. "કાલની કોને ખબર છે, કાળનું ચક્ર માથે ફર્યા કરે છે, જીંદગી ટુંકી અને અસાર છે" આવી આવી બાયલી ફીલસુફી (નીતિ) અને દોઢડહાપણથી લોકો નિર્માલ્ય, બાયલા અને પુરૂષાર્થહીન થયા અને સમજણ આવ્યાની સાથેજ આપણામાં આવા હાનિકારક અને વિનાશકારક સંકલ્પો બંધાતા ગયા. એ સંકલ્પો બંધાતા ગયા અને ઉત્તરોત્તર વારસામાં મળતા ગયા અને ક્રમે ક્રમે એ સંકલ્પોનું બળ વધતું ચાલ્યું, તે એટલે સુધી કે હાલના ઉગીને નીકળતા સ્ત્રી કે પુરૂષના અંતઃકરણમાં પણ સામાન્યતઃ નિરાશાના બાયલા વિચારો સ્ફુરી નીકળે છે, અને તે એકે "મારે લાંબુ જીવવાનું નથી; બહુ તો ૫૦ કે ૬૦, આજ વખતમાં પચાસ કે સાઠ વર્ષ જીવે તે તો ભાગ્યશાળી? આવી રીતે તેઓ સંકલ્પ કરી બેઠા હોય છે અને મૃત્યુના જાસુસોને તે આ દ્રષ્ટિ મર્યાદામાં ઉભેલા દેખતાં હોય તેમ તેઓ મૃત્યુની વાટજ જોઇ રહેલાં હોય છે.

માણસના મન ઉપર સંકલ્પ બળ મોટી અસર કરે છે અને કાચી વયના માણસોના મન ઉપર તેની જબરી અસર થાય છે. એક બાળકના મન ઉપર બચપણમાંથી જેવા સંસ્કારો અને સંકલ્પો તેમનામાં પ્રત્યક્ષ દેખાશે અને એ સંસ્કારો અને સંકલ્પોનાજ તેઓ

બળીદાન અથવા ભોક્તા થશે. એક બાળકને બચપણથીજ નિરંતર ભય બીકણપણની વાતો કરો તો તેનું પરિણામ શું આવશે? તે નક્કી બીકણ અને બાયલું થવાનું. મોટપણે પણ બીવાના અથવા ભય પામવાના પડેલા સંસ્કારો જતા નથી. એવીજ રીતે એક બાળક પાસે કાંઇ પણ ભયની કે બીકની વાતજ નહિ કરતાં જો તેના પાસે નિરંતર બહાદુરીની, શૂરવીરપણાની અને પરાક્રમનીજ વાતો કરો તો તેનું પરિણામ અવશ્ય એવું આવશે. તે બાળક મોટું થતાં બહાદુર અને પરાક્રમીજ થશે. હથિયાર લઇ લડાઇના મેદાનમાં ઉતરી પડવાને માટે વણિકને ગમે એવી લાલચ, ઇનામ કે પગાર આપશો તો પણ તે જવાની હિંમત કરશે નહિ; અરે, હથિયાર દેખીનેજ ભડકશે; પણ એક રજપૂત, કોળી, કાઠી કે ભીલનો નાનો છોકરો પણ હથિયાર પકડવાને તૈયાર થઇ જશે, તેનું શું કારણ? વણિકને તે જાતના સંસ્કાર નથી, અને રજપૂત વગેરેને તેવા સંસ્કારો અને સંકલ્પો વારસામાંજ મળેલા છે. કેટલાંક માણસો અમુક કાર્યને માટે પોતે લાયક છતાં પોતે પોતાનાજ મનથી પોતાને નાલાયક માની બેસે છે, અને પોતામાં નાલાયકનો દઢ સંકલ્પ કરે છે કે જેથી તે હમેશાં એ કાર્યને માટે નાલાયકજ રહે છે. મારામાં કાંઇ માલ નથી એવું માનનારાઓ હમેશાં માલ વગરનાજ રહે છે, અને જે એવો સંકલ્પ કરે છે કે અમુક કામ હાથ ધરીનેજ તે પાર પાડવું છે અને તે કામ કરવાને હું સંપૂર્ણ લાયક છું તથા તેમ હું કરીશજ, તે માણસ તે કાર્ય અવશ્ય સિદ્ધ કરે છે. આ સંકલ્પ બળને સારાં કાર્યોમાં જોડો તો સારાં કાર્યો થશે, નઠારાં કાર્યોમાં જોડો તો નઠારાં કાર્યો પણ થશેજ. હું રોગી છું, મારામાં કાંઇ શક્તિ નથી, અને મારે ઝાઝું જીવવું નથી, એવા સંકલ્પો કરનારો માણસ સદા રોગીજ રહે છે, સદા અશક્તજ હોય છે અને થોડું જીવે છે. એથી ઉલટું, જે દઢ સંકલ્પી માણસ પોતાના મનમાં એવો દઢ સંકલ્પ કરે છે કે, મને કાંઇ રોગ છેજ નહિ, હું સંપૂર્ણ સશક્ત અને સુખી છું અને મારે મરવુંજ નથી, તે માણસ સદા નિરોગીજ રહે છે, બળવાન રહે છે અને લાંબો કાળ જીવે છે. સંકલ્પ બળનો મહિમા ઘણો મોટો છે અને યોગ વિદ્યાથી એ બળની સિદ્ધિ થાય છે. અમુક નિયમ કે નિશ્ચય ઉપર મનનો નિગ્રહ તેનું નામ યોગ છે, અને એવું માનસિક બળ અથવા નિગ્રહ બળ જમે તે પ્રકારે પ્રાપ્ત કરે તે યોગી છે. આ બળ પ્રાપ્ત કરવા માટે ખાસ કરીને ભગવાં પહેરવાની જરૂર પડતી નથી, ઉંડા ભોંયરામાં જઇને સમાધિ ચડાવવાની જરૂર નથી, અથવા પ્રાણાયામ કરીને શ્વાસ છુટવાની પણ ખાસ કરીને જરૂર નથી. અલબત તે બધાં મનનો નિગ્રહ કરવાનાં સાધનો છે ખરાં, પણ એ સાધનો વિના પણ ઘણાંક વ્યવહારી માણસો પોતાના સંકલ્પ બળ અને મનોબળથી યોગીના જેવું કાર્ય કરવાને સમર્થ થયા છે, એટલુંજ નહિ પણ સંકલ્પ બળથી અને એ સંકલ્પ બળના પ્રતાપથી ઘણા દીર્ઘાયુ ભોગવવાને પણ ભાગ્યશાળી થયાં છે.

**સંઘવી વાડીલાલ મૂળજીભાઇ, લીંબડી.**

---

ગંદા લોકો પાયખાનાનું કામ એક ટચુડી (પાશેરથી અધશેર પાણી સમાય એવડી ન્હાની લોટી) પાણીથી પતવી દે છે, ત્યારે આરોગ્યતા અને સુઘડતાની કીંમત સમજનારાઓ પાંચ શેર પાણીથી પણ સંતોષ માનતા નથી. ગંદકી રહેવાથી ગુહ્ય સ્થાનો વિકારવાળાં થાય છે; કીડ પડે છે અને ઘણી વખત સડે છે. નાનાં બાળકોની માતાઓએ આ શિખામણ જરૂર ધ્યાનમાં લેવી અને બચ્ચાંઓને પુષ્કળ પાણીથી સારી રીતે ધોવાં.

# " अमृतनो घूंटडो. "

( મળેલું ).

न्यस्ता मुक्तिपथस्य वाहकतया श्रीवीर ! ये प्राक् त्वया,
लुंटाकास्त्वदृतेऽभवन् बहुतरास्त्वच्छासने ते कलौ ॥
बिभ्राणा यतिनाम तत्तनुधियां मुष्णन्ति पुण्यश्रियः,
पूत्कुर्मः किमराजके ह्यपि तलारक्षा न किं दस्यवः ? ॥

" હે વીર પરમાત્મા ! મોક્ષમાર્ગના વહન કરનારા તરીકે ( સાર્થવાહ તરીકે ) જેને તેં પૂર્વે મૂક્યા હતા ( સ્થાપિત કર્યા હતા ) તેઓ કલિકાલમાં તારી ગેરહાજરીમાં તારા શાસનમાં મોટા લુંટારા થઈ પડયા છે. તેઓ યતિ–( સાધુ–ભિક્ષુ )નું નામ ધારણ કરીને અલ્પબુદ્ધિવાળા પ્રાણિઓની પુણ્ય લક્ષ્મી ચોરી લે છે. અમારે તે હવે શું પોકાર કરવો ? ધણી વગરનું રાજ્ય હોય ત્યાં કોટવાલ પણ શું ચોર નથી થતા ? "

किं लोकसत्कृति नमस्करणार्चनाद्यै–
रे मुग्ध ! तुष्यसि ? विनापि विशुद्धयोगान्,
कृंतन् भवाब्धिपतने तव यत्प्रमादो,
बोधिद्रुमामथयमिमानि करोति पर्शून् ॥

" તારા ત્રિકરણ યોગ વિશુદ્ધ નથી છતાં પણ લોકો તારો આદરસત્કાર કરે, તને નમસ્કાર કરે અથવા તારી પૂજાસેવા કરે ત્યારે હે મૂઢ ! તું શામાટે સંતોષ માને છે ? સંસાર સમુદ્રમાં પડતાં તને આધાર ફક્ત બોધિ વૃક્ષનોજ છે, તે ઝાડને કાપી નાખવામાં નમસ્કારાદિથી થતો સંતોષાદિ પ્રમાદ આ ( લોક સત્કાર વિગેરે ) ને કુહાડા બનાવે છે. "

गुणांस्तवाश्रित्य नमंत्यमी जना, ददत्युपध्यालयभैक्ष्यशिष्यकान् ।
विना गुणान् वेषमृषेर्बिभर्षि चेत् ?, ततष्ठकानां तव भाविनी गतिः ॥

" આ લોકો તારા ગુણોને આશ્રયીને તને નમે છે અને ઉપધિ, ઉપાશ્રય, આહાર અને શિષ્યો તને આપે છે. હવે જો ગુણ વગર ઋષિ ( યતિ–સાધુ ) નો વેષ તું ધારણ કરતો હોઇશ તો ઠગના જેવી તારી ગતિ થશે. "

उच्चारयस्यनुदिनं न करोमि सर्वं, सावद्यमित्यसकृदेतदथो करोषि ॥
नित्यं मृषोक्ति जिनवंचनभारितात्तत्, सावद्यतो नरकमेव विभावये ते ॥

" તું હમેશાં દિવસ અને રાતમાં થઈ નવ વાર કરેમિ ભંતેનો પાઠ ભણતાં બોલે છે કે હું સાવદ્ય કામ નહિ કરૂં અને પાછો વારંવાર તેજ કર્યા કરે છે. આ સાવદ્ય કર્મો કરી તું ખોટું બોલનાર થવાથી પ્રભુને પણ છેતરનાર છે અને તે પાપના ભારથી ભારે થયેલા તારે માટે નરકજ છે એમ હું ધારૂં છું. "

न कापि सिद्धिर्न च तेऽतिशायि, मुनिक्रियायोगतपः श्रुतादि ।
तथाप्यहंकारकदर्थितस्त्वं, ख्यातीच्छया ताम्यसि धिङ्मुधा किम ? ॥

" હે મુનિ ! તારામાં નથી કોઈ ખાસ સિદ્ધિ કે નથી લેશ પણ ... ક્રિયા ...

તપસ્યા કે જ્ઞાન; છતાં પણ અહંકારથી કદર્થના પામેલો પ્રસિદ્ધિ પામવાની ઇચ્છાથી હે અધમ! તું પરિતાપ શામાટે કરે છે?"

**गुणैर्विहीनोपि जनान्नतिस्तुति-प्रतिग्रहान् यन्मुदितः प्रतीच्छसि ।**
**लुलायगोऽश्वोष्ट्रखरादिजन्मभि-र्विना ततस्ते भविता न निष्क्रयः ! ॥**

" તું ગુણ વિનાનો છે, છતાં પણ લોકો તરફથી વંદન, સ્તુતિ, આહાર પાણીનું ગ્રહણ વિગેરે ખુસી થઇને મેળવવા ઇચ્છા રાખે છે પણ યાદ રાખજે કે પાડા, બળદ, ઘોડા, ઉંટ કે ગધેડાના જન્મ લીધા વગર તું તે દેવામાંથી છુટો થઇ શકીશ નહિ !"

**गुणेषु नोद्यच्छसि चेन्मुने ! ततः, प्रगीयसे यैरपि वंद्यसेऽर्च्यसे ।**
**जुगुप्सितां प्रेत्य गतिंगतोऽपि तै-र्हसिष्यसे चाभि भविष्यसेऽपि वा !! ॥**

" હે મુનિ ! જો તું ગુણ મેળવવા યત્ન કરતો નથી તો પછી જેઓ તારી ગુણ સ્તુતિ કર છે, તને વાંદે છે અને પૂજે છે તેઓજ જ્યારે તું કુગતિમાં જઇશ ત્યારે તને ખરેખર હસશે અથવા તારો પરાભવ કરશે."

**दानमाननुतिवंदनापरै-र्मोदसे निकृतिरंजितैर्जनैः ।**
**न त्ववैषि सुकृतस्य चेल्लवः, कोऽपि सोऽपि तव लुण्यते हितैः !!**

" તારી કપટજાળથી રંજન પામેલા લોકો તને દાન આપે, નમસ્કાર કરે કે વંદન કરે ત્યારે તું રાજી થાય છે, પણ તું જાણતો નથી કે તારી પાસે એક લેશ સુકૃત્ય હશે તે પણ તેઓ લુંટી જાય છે."

**रक्षार्थं खलु संयमस्य गदिता येऽर्था यतीनां जिनै-**
**र्वासःपुस्तकपात्रकप्रभृतयो धर्मोपकृत्यात्मकाः ।**
**मूर्च्छन्मोहवशात्त एव कुधियां संसारपाताय धिक् !**
**स्वं स्वस्यैव वधाय शस्त्रमधियां यद्दुःप्रयुक्तं भवेत् ॥**

" વસ્ત્ર, પુસ્તક અને પાત્રાં વિગેરે ધર્મોપકરણના પદાર્થો શ્રી તીર્થંકર ભગવાને સંયમની રક્ષા માટે યતિઓને બતાવ્યા છે તે છતાં મન્દ બુદ્ધિવાળા મૂઢ જીવો વધારે મોહમાં પડીને તેને સંસારમાં પાડવાના સાધનભૂત બનાવે છે તેઓને ખરેખર ધિક્કાર છે ! ! મૂર્ખ માણસવડે અકુશલતાથી વપરાયલું શસ્ત્ર (હથિયાર) તેના પોતાનાજ નાશનું નિમિત્ત થાય છે."

**संयमोपकरणच्छलनात्परान्भारयन् यदसि पुस्तकादिभिः ।**
**गोखरोष्ट्रमहिषादिरूपभृत्तच्चिरं त्वमपि भारयिष्यसे !**

" સંયમ ઉપકરણના બહાનાથી પુસ્તક વિગેરે વસ્તુઓનો બીજા ઉપર તું ભાર મૂકે છે પણ તે ગાય, ગધેડા, ઉંટ, પાડા વિગેરેનાં રૂપ તારી પાસે લેવરાવીને ઘણા કાળ પર્યંત તને ભાર વહન કરાવશે."

**त्यज स्पृहां स्वःशिवशर्मलाभे, स्वीकृत्य तिर्यङ्नरकादिदुःखम् ।**
**सुखाणुभिश्चेद्विषयादिजातैः, संतोष्यसे संयमकष्टभीरु !**

" સંયમ પાળવાનાં કષ્ટથી બ્હીી જઇને વિષય કષાયથી થતા અલ્પ સુખમાં જો તું સંતોષ પામતો હોય તો પછી તિર્યંચ નારકીનાં આગામી દુઃખો સ્વીકારી લે અને સ્વર્ગ તેમજ મોક્ષ મેળવવાની ઇચ્છા તજી દે."

[ **श्रीमुनि सुन्दरसूरिपादाः** ]

# बोर्डींगना प्रेसीडन्ट रा. रा. श्रीयुत् शेठ जगाभाई दलपतभाई बी. ए.

અમોને જણાવતાં અત્યાનંદ થાય છે કે બોર્ડીંગના પીતા ઝવેરી લલ્લુભાઇ રાયચંદનો સ્વર્ગવાસ થયા બાદ અત્રેના સુવિખ્યાત પ્રતિષ્ઠિત કુટુંબના, મર્હુમ સરદાર શેઠ લાલભાઈના બંધુ શ્રીયુત શેઠ જગાભાઇએ બોર્ડીંગની મેનેજીંગ કમીટીનું પ્રેસીડન્ટ પદ સ્વીકારી બોર્ડીંગને સદાની આભારગ્રસ્ત કરી છે. શ્રીયુત શેઠ જગાભાઇનો જન્મ સંવત ૧૯૩૬ ના પોસ સુદ ૮ ના રોજ થયો છે. તેઓએ મેટ્રીકની પરીક્ષા સને ૧૮૯૭ ની સાલમાં પસાર કરી છે, તેમ બી. એ. ની પરીક્ષા સને ૧૯૦૨ ની સાલમાં પસાર કરી છે. સોનું ને સુગંધ સાથે તેમ દ્રવ્ય જ્ઞાનસંપતિ વિભુષિત આવા યુવક નરરત્નને બોર્ડીંગ પ્રેસીડન્ટ મેળવવા ભાગ્યશાળી થઈ છે તેજ બોર્ડીંગનું સદ્ભાગ્ય સુચવે છે.

તેમનું કુટુંબ આજ સુધી જૈન કોમની અપ્રતિમ સેવા બજાવતું આવ્યું છે અને બજાવે છે એ જૈન સમાજની જાણીતી વાત છે. તેમના જેષ્ઠબંધુ શેઠ મણીભાઈએ અત્રેની પાંજરાપોળની વ્યવસ્થા માથે લીધી છે તેમ તેમની સેવા વિષે અમોએ ગતાંકમાં જણાવ્યું છે. મર્હુમ સરદાર શેઠ લાલભાઈના ગુદસ્ત થવાથી જૈનકોમે એકી અવાજે કબુલ કર્યું છે કે જૈન કોમે એક ગોખલેતુલ્ય મહાન્ નર ગુમાવ્યો છે. વળી તેમનાં કુટુંબ વત્સલ–તેમની વયોવૃદ્ધ માતુશ્રી ગંગાબાઈની ધર્મનિષ્ઠા અને બુદ્ધિકુશાગ્રપણાથી તેમજ તેમના સુપરિચિત નામથી આપણે વાકેફ છીએ. આવા એક ધર્મનિષ્ઠ કુટુંબના નબીરા શેઠ જગાભાઈ જેવા બોર્ડીંગનું પ્રેસીડન્ટ પદ સ્વીકારે એ સ્વાભાવિક છે. તેમના બંધુ શેઠ લાલભાઇના સ્વર્ગવાસ થવાથી તેમને શીર કેટલોક કામનો બોજો વધુ મુકાયો છે છતાં તેઓએ જે પ્રેસીડન્ટપણાને માટે સ્વીકાર કર્યો છે તે જોઇ અમોને અત્યાનંદ થાય છે. છેવટ અમો આશા રાખીએ છીએ કે તેઓના સદ્હસ્તે બોર્ડીંગની અભિવૃદ્ધિ થાઓ અને તેમની દરેક શુભાકાંક્ષાઓ શાસન દેવતાના પ્રસાદે પાર પડો એવું અંતરથી ઇચ્છીએ છીએ. ૐ શ્રી ગુરુઃ

# बोर्डींगने रु. २००००) नी उदार मदद करनार परोपकारी दयाळु शा. जमनादास जेठाभाईनो स्वर्गवास.

સખેદ સાથે જણાવવાની જરૂર પડે છે કે અત્રેના વતની ફીકાભટની પોળના રહીશ શા. જમનાદાસ જેઠાભાઇ સંવત ૧૯૭૧ના આસો વદી ૦)) ના દિવસે પંચત્વ પામ્યા છે અને આ ફાની દુનિયાનો ત્યાગ કરી ગયા છે. મર્હુમ સ્વભાવે ઉદાર દયાળુ અને કેળવણીના હિમાયતી હતા. તેમના દેહોત્સર્ગથી બોર્ડીંગને એક સહાયકની ખોટ પડી છે એટલુંજ નહિ પરંતુ જૈન કોમે એક પરોપકારી નર ખોયો છે. તેમના મરણની દિલગીરી પ્રદર્શીત કરવા શ્રી જૈન શ્વેતાંબર મૂ. બોર્ડીંગની મેનેજીંગ કમીટી મળી હતી જેની અંદર મર્હુમ પરત્વે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો.

"અમદાવાદમાં ફીકાભટની પોળના રહીશ રા. રા. જમનાદાસ જેઠાભાઇ જેમણે આ સંસ્થાને સેટલમેન્ટનો દસ્તાવેજ કરી બોર્ડરોને રહેવા માટે સીવીલ હોસ્પીટલ સામેનું પોતાનું મકાન આપેલું છે, તે તથા રૂ. ૪૦૦૦) ની પ્રોમીસરી નોટો મકાન વાસ્તે આપેલી છે તથા રૂ. ૧૦૦૦) શા. જગજીવન જમનાદાસ જેઠાભાઇના નામથી દવાખાના માટે આપેલા છે તથા આ સંસ્થાને બીજી મદદો તથા ઉપકાર કરેલા છે. તેમનું સં. ૧૯૭૧ ના આસો વદ ૦)) ના રોજ અવસાન થવાથી આ સંસ્થાને ભારે ખોટ પડી છે. તેની આ કમીટી નોંધ લે છે, અને તેમના અવસાન માટે આ કમીટી અત્યંત શોક પ્રદર્શીત કરે છે. આ ઠરાવની એક નકલ મરહુમના કુટુંબ ઉપર ચેરમેને મોકલી આપવી."

ઉપર મુજબ બોર્ડીંગની મેનેજીંગ કમીટીએ ઠરાવ કર્યો હતો જે તેમના બન્ધુ રણછોડભાઇને મોકલી આપવામાં આવ્યો હતો. મર્હુમે પોતાની જીંદગીમાં ઘણાં પરોપકારનાં કામો કર્યાં છે. તેમના કાર્યો પૈકી જે જે પુછપરછ કરતાં માલમ પડયાં તેની રૂપરેખા આ નીચે આલેખી છે. મર્હુમે આશરે રૂ. ૧૫૦૦૦) હજારની ઉદાર રકમનું એક મોટું મકાન બોર્ડીંગને ઉપયોગને માટે ટ્રસ્ટ કરી અર્પણ કર્યું છે જે મકાન હવા અજવાળાની ઘણીજ છુટાશવાળું છે, તેમજ સીવીલ હોસ્પીટલની નજીકના સરીઆમ રસ્તા ઉપર આવેલું છે એટલે વિદ્યાર્થીઓનું દરેક રીતે આરોગ્ય સંરક્ષણ થઇ શકે તેવી રીતનું છે. વળી આ સિવાય રૂ. ૪૦૦૦) રોકડા તથા રૂ. ૧૦૦૦) પોતાના સદ્દગત પુત્ર જગજીવનદાસ જમનાદાસ જેઠાભાઇના સ્મરણાર્થે દવાખાનાના નિમિત્તે બોર્ડીંગને આપ્યા છે. આ સિવાય પોતાના દેહાવસાન સુધી બોર્ડીંગને અવારનવાર મદદ કર્યા વિના રહ્યા નથી આવી રીતનો બોર્ડીંગ ઉપર તેમનો અપૂર્વ ઉપકાર થયો છે.

ઉદાર દીલના દયાળુ શેઠ જમનાદાસ જેઠાભાઇએ પોતાની જીંદગીમાં થોડી પુંજીમાંથી પણ આ શિવાય લગભગ બીજી રૂ. ૩૫૦૦૦)ની સખાવત કરી છે જે આ નીચે તેમના જીવનની આલેખાએલી રૂપરેખા ઉપરથી માલમ પડશે.

આ શેઠનો જન્મ સંવત ૧૮૯૮ ની સાલમાં શા. જેઠાભાઇ જેચંદને ત્યાં થયો હતો. તેમને એક ભાઇ નામે મગનભાઇ ઉર્ફે રણછોડભાઇ તથા એક બ્હેન નામે પરસન છે જેઓ હાલ હયાત છે. શેઠને અત્યાર સુધીમાં ત્રણ સ્ત્રીઓ થઇ તેમાંની કોઇ હયાત નથી તથા

સંતતિમાં ત્રણ દિકરા અને એક દિકરી, તેમાંથી મોટા બે દિકરા નામે જગજીવન તથા કાલીદાસ અનુક્રમે ચૌદ અને બાર વર્ષની ઉમ્મરે દેવલોક પામ્યા હતા, ને એક દિકરો નામે ચંદુલાલ તથા એક દિકરી નામે ચંપા હાલ હયાત છે. ચંદુલાલની ઉમ્મર આશરે વર્ષ નવની છે. શેઠના પિતાની સ્થિતિ સાધારણ હતી. તેઓ અફીણનો ધંધો કરતા હતા. શેઠ જમનાદાસ પણ પહેલાં પિતાની સાથે અફીણના ધંધામાં ૨૦ વર્ષની ઉમ્મરે જોડાયા હતા ને તે ધંધામાં તેઓ પોતાની બુદ્ધિ અને હોંશિયારીથી ઘણા આગળ વધ્યા હતા તથા ઘણાજ વેપાર કુશલ થયા હતા. આ પછી તેમણે સંવત ૧૯૨૨ની સાલમાં શા. રણછોડદાસ જમનાદાસના નામની પેઢી ઉઘાડી જે હાલ હીરાલાલ રણછોડના નામથી ચાલે છે. આ પેઢીમાં અત્યારે આઠ ભાગીદાર છે. આપણે પાશ્ચાત્ય વેપારીઓની વેપાર કરવાની પદ્ધતિ પ્રતિ લક્ષ આપીશું તો માલમ પડશે કે તેઓ દરેક ધંધા ભાગીદારો મળી કંપની ઉભી કરીને કરે છે અને તેથીજ તેઓ અત્યારે વેપારકુશલ તથા પુષ્કળ ધનવાન થયા છે. એ તો વાસ્તવિક રીતે ખરૂંજ છે કે ઘણાં મગજો એક દીલથી, એક સંપથી, પ્રમાણિકપણે ધીરજ, ખંત અને સતત્ ઉદ્યોગમાં મચ્યા રહી કામ કરે તો તે કંપની ઘણો સારો નફો પેદા કરી શકે, તેમજ તેની આબરૂ પણ સારી બંધાય. અમો જો આ સ્થળે કહેવા ન ભુલતા હોઇએ તો આ પેઢીએ પણ યુરોપીયન કંપનીઓના જેવુંજ અનુકરણ કર્યું છે, જેના સદ્‌ભાવે તે હાલમાં ઘણીજ જામી ગઇ છે એટલુંજ નહિ પણ તેમાંથી ઘણા ધનવાન પણ થયા છે. અમો આ પેઢીની દરેક રીતે ઉન્નતિ ઇચ્છીએ છીએ અને આશા રાખીએ છીએ કે આપણા હિંદુભાઇઓ આ પેઢીનું અનુકરણ કરશે.

આ શેઠે પાલીતાણા, ગીરનાર, સમેતશીખર તથા પંચતીર્થ વિગેરે સ્થળોની ઘણી વખત યાત્રા કરી છે. જે જે સ્થળે તેઓ યાત્રા કરવા જતા ત્યાં ઘણા ગરીબોને પૈસા, અનાજ, કપડાં વિગેરે આપતા તથા કેળવણીનાં ખાતાંને મદદ કરતા. આ શેઠની દયાની તીવ્રતા ઘણીજ હતી. તેઓએ રૂ. ૨૦૦૦૦ ના આશરે ચકલાંઓને દાણા નાખવામાં, ગરીબોને સહાય આપવામાં તથા વિદ્યાર્થીઓને સ્કોલરશીપો વિગેરે આપવામાં ખર્ચેલા છે. એક વખત આખા શહેરના ભીખારીઓને એકઠા કરી જમાડયા હતા જેમાં ૮૦ મણ શીરો વપરાયો હતો. ઘણીક વખત તેઓ શહેરમાં રખડતાં લુલાં, લંગડાં, આંધળાં તથા અશક્ત ગરીબ લોકોને એકઠા કરી લાડવા, કપડાં, અનાજ વિગેરે પણ વહેંચતા હતા. ખરેખર આવા ખૂણે ખોચરે ભરાઇ રહેલા નીરાધાર મનુષ્યોને ગુપ્ત દાન દેનારા વીરરત્નો થોડાજ હશે.

આ શેઠની દરેક સખાવતો કેવળ નિરાધારોને આશ્રય આપવામાં ને કેળવણીને ઉત્તેજન આપવા માટેજ અપાએલી છે. તેઓ જો કે ઝાઝા કેળવાએલા ન હોતા છતાં તેમના કેળવણીના ઉત્તેજનના વિચારો પ્રશસ્ય હતા.

આપણે અત્યારે જૈનોમાં જે પૈસા ખરચાતા જોઇએ છીએ અને સખાવતો જોઇએ છીએ તેના કરતાં આ શેઠની સખાવતો જુદાજ પ્રકારની અને હાલનો જમાનો જોતાં અમૂલ્ય માલમ પડશે. વળી તેઓની સખાવતો આપણને અમુક લગતી છે, બાકી બીજી બધી સાર્વજનીક છે. તેઓએ વૈષ્ણવ બોર્ડીંગને રૂા. ૮૦૦ ની મદદ કરી હતી.

એ રીતે આ શેઠે પોતાની જીંદગીમાં લગભગ રૂ. ૫૦૦૦૦ ની સખાવત કરી છે. આવા વીરલા કોઇકજ હશે. ધન્ય છે આવા નરરત્નોને !

જનની જણ્ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

ખરેખર તેમણે આ વસુંધરામાં જન્મ લઇ પોતાની જનેતાની કુખ દિપાવી છે, અને પોતાની જીંદગીનું સાર્થક કર્યું છે.

દયા એજ ખરી છે, તેજ દૈવી શક્તિ અને તેજ પ્રારબ્ધ છે. આપણા ધર્મનો સિદ્ધાંત પણ તેજ છે કેઃ—"અહિંસા પરમો ધર્મ" જેઓ દયાના ઉપાસક છે તેઓજ **વીરના** ખરા ભક્ત છે.

પોતાના આર્ય બંધુઓના હિતાર્થે શક્તિ અનુસાર પોતાની સુકૃત કમાઇમાંથી આ શેઠે જે ફાળો આપ્યો છે તેના માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આ શેઠે બોર્ડીંગને જે મદદ કરી છે તે ઘણીજ ઉદાર છે અને અન્ય ગૃહસ્થોને ઉત્તેજન મળે તેના માટે એક અનુપમ દાખલો બેસાડયો છે તે માટે બોર્ડીંગ તેમનો ઘણો આભાર માને છે. આવી રીતની બોર્ડીંગ પ્રતિ તેમની તીવ્ર લાગણી અને જૈનકોમની અભિવૃદ્ધિ અર્થે તીવ્ર ઉત્કંઠાના તેમના વિચારોને લીધે તેમને ઘણો ધન્યવાદ ઘટે છે. તેમનું અનુકરણ અન્ય ગૃહસ્થો કરો એવું અંતરથી ઇચ્છીએ છીએ.

આ શેઠને સખાવતના કામમાં દરેક રીતે તેમના બંધુ મગુભાઇ ઉર્ફે રણછોડભાઇ સન્મતિ આપતા હતા. બોર્ડીંગને મકાન અપાવવાના તથા દવાખાનું કઢાવવાના કામમાં શેઠ મગુભાઇએ તેમના ભાઇને સારી મદદ કરી છે. આવી રીતે સવળી મતિ દેનાર તેમજ ભાઇના સારા કામમાં ભાગ લેનાર ભાઇઓ પણ થોડાજ માલમ પડશે. છેવટ શેઠ જમનાદાસ તથા મગુભાઇના કુટુંબની દરેક રીતે વૃદ્ધિ થાઓ અને સુખ શાંતિ અને વૈભવમાં આબાદ થાઓ તેમ તેમને હાથે ઘણાં સુકૃત કાર્યો થાઓ એવું ખરા અંતઃકરણથી ઇચ્છીએ છીએ. ૐ શાંતિ.

**શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.**

---

ખાવાના પદાર્થો સારી રીતે ચાવીને ખાવા. રોટલો અથવા રોટલીનું એક બટકું ત્રીશ ચાલીશ વખત ચવાય ત્યારે તે બરાબર ચાવ્યું ગણાય. કઠણ ચીજોનાં બટકાં પીવાના પદાર્થો સાથે ગળી જવાં નહિ. જે લોકો રોટલો અથવા રોટલી દાળ, છાસ કે દુધના ઘુંટડા સાથે ખાય છે તેઓ રોટલા કે રોટલીને બરાબર ચાવીને ખાય છે એમ કહેવાય નહિ; કેમકે તેવાં બટકાં અરધાં પરધાં ચવાઇને ઘુંટડાની સાથે ગટ દઇને ગળે નીચે ઉતરી જાય છે. ખાવાનો ખરો નિયમ તો એ છે કે કઠણ પદાર્થોને પ્રથમ એકલાજ ચાવીને ખાવા અને પછી તેના ઉપર નરમ કે પાણી જેવા પદાર્થો પીવા.

* * * * * *

જમવાના ભાણા ઉપર બેસતા પહેલાં દરેક માણસે પોતાના પેટની પ્રથમ સલાહ લેવી. ઘણાક લોકો જીભની સલાહ લે છે, પણ પેટની સલાહ લેતા નથી; પેટને પુછવું કે નવો ખોરાક લેવાને માટે પુરતી જગા થઇ છે કે કેમ? જો તે એમ કહે કે જાડો ખુલાસાથી થયો નથી અને નવા ખોરાકને માટે પુરતી જગા નથી, તો ખાવાનું મુલતવી રાખજો. જો કે ખાવાના સમયનો નિયમ રાખવો, તો પણ ખાવાનો સમય થયો માટે ખાવું, એમ નહિ; ખરી ભૂખ લાગે ત્યારેજ ખાવું.

# अथ श्री दानसील तप भावना संवाद.

### દોહા.

પ્રથમ જિનેસર પય નમી, પામી સુગુરૂ પ્રસાદ;
દાનસીલ તપ ભાવના, બોલિસુ બહુ સંવાદ. ૧
વીર જિણંદ સમોસર્યા, રાજગૃહી ઉદ્યાન;
સમવસરણ દેવઈ રચ્યો, બઇઠા શ્રી વર્ધમાન. ૨
બઇઠી બારહ પરખદા, સુણિવા જિણવર વાણિ;
દાન કહઇ પ્રભુ હું વડઉ, મુઝ તઇં પ્રથમ વખાણિ. ૩
સાંભલિ જ્યો સહુ કો તુમ્હે, કુણ છઈ મુજઝ સમાન;
અરિહંત દીખ્યા અવસરઇ, આપઇ પહિલી દાન. ૪
પ્રથમ પ્રહર દાતારનો, લ્યઈ સહુ કોઇ નામ;
દીધાંરી દેવલ ચઢઈ, સીઝઇ વંછિત કામ. ૫
તીર્થંકર નઈ પારણઇ, કુણ કરિસ્યઇ મુઝ હોડિ;
વૃષ્ટિ કરૂં સોવન તણી, સાઢી બારહ કોડિ. ૬
હું જગ સઘલો વસિ કરૂં, મુઝ મોટી છઇ વાત;
કુણ (૨) દાન થકી તર્યા, તે સુણિજ્યો અવદાત. ૭

### ઢાલ મધુકરની.

ધન સારથવાહ સાધનઈ, દીધો ઘૃતનો દાન લલના;
તીર્થંકર પદ મઈ દીયો, તિણ મુઝ એ અભિમાન લલના. ૧
દાન કહઈ જગિ હું વડો, મુઝ સરિખઉ નહી કોઈ; લ૦
રિદ્ધિ સમૃદ્ધિ સુખ સંપદા, દાનઇ દૌલતિ હોઈ. લ૦ ૨ દા૦
સુમુખ નામ ગાથાપતી, પડિલાભ્યો અણગાર; લ૦
કુમરર સુબાહુ સુખ લહ્યો, તેતો મુઝ ઉપગાર; લ૦ ૩ દા૦
પાંચ સઇ મુનિને પારણઇ, પડિલાભ્યો ભિખિરાય; લ૦
સાલિભદ્ર સુખ ભોગવઇ, દાન તણઈ સુપસાય. લ૦ ૪ દા૦
આપ્યા ઉડદના બાકલા, ઉત્તમ પાત્ર વિસેખિ; લ૦
મૂલદેવ રાજા થયો, દાન તણા ફલ દેખિ. લ૦ ૫ દા૦
પ્રથમ જિણેસર પારણઇ, શ્રી શ્રેયાંસકુમાર; લ૦
સેલડી રસ વિહરાવીયો, પામ્યો ભવનો પાર. લ૦ ૬ દા૦
ચંદન બાલા બાકલા, પડિલાભ્યા મહાવીર; લ૦
પંચ દિવ્ય પરગટ થયા, સુંદર રૂપ શરીર. લ૦ ૭ દા૦
પૂરવ ભવ પારેવડો, સરણઇ રાખ્યો સૂર; લ૦
તીર્થંકર ચક્રવર્તિ થયો, પ્રગટ્યો પુણ્ય પડૂર. લ૦ ૮ દા૦
ગજભવિ સસલો રાખિયો, કરૂણા કીધી સાર; લ૦
શ્રેણિક નઇ ઘરિ અવતરયો, અંગજ મેઘકુમાર. લ૦ ૯ દા૦

ઇમ અનેક મઇ ઉધરયા, કહતાં નાવઇ પાર; લ૦
સમય સુંદર પ્રભુ વીરજી, પહિલો મુઝ અધિકાર. લ૦ ૧૦ દા૦

### દોહા.

સીલ કહઇ સુણિ દાન તું, કિસ ઉકરઇ અહંકાર;
આડંબર આઠે પહર, જાચકસોં વિવહાર. ૧
અંતરાય વલિ તાહરઇ, ભોગ કરમ સંસાર;
જિનવર કર નીચા કરઇ, તુઝનઇં પડો ધિકાર. ૨
ગર્વ મ કરિરે દાન તૂં, મુઝ પૂઠઇં સહુ કોઇ;
ચાકર ચા લઇ આગલઇં, તો સ્યું ઠાકુર હોઇ. ૩
જિન મંદિર સોના તણો, નવો નિપાવઇ કોઇ;
સોવન કોડિ જે દાન દઇ, સીલ સમો નહિ સોઇ. ૪
સીલઇં સંકટ સવિ ટલઇ, સીલઇં જસ સોભાગ;
સીલઈં સુર સાંનિધિ કરઇ, સીલવડો વઇરાગ. ૫
સીલઇં સર્પ ન આભડઇ, સીલઇં સીતલ આગિ;
સીલઇં અરિ કરિ કેસરી, ભય જાયઇ સવિ ભાગિ. ૬
જનમ મરણના ભય થકી, મઈં છોડવ્યા અનેક;
નામ કહું હિવ તેહના, સાંભલિજ્યો સુવિવેક. ૭

### ઢાલ—પાસ જિણંદ જુહારિયઇં એહની.

સીલ કહઇ જગિ હું વડો, મુઝ વાત સુણો ઇક મીઠીરે;
લાલ ચિલાવઇ લોક નઇં મઇં, દાન તણી વાત દીઠીરે. સી૦ ૧
કલિકારક જગિ જાણુ થઇ, વલિ વિરતિ નહીં તિણુ કાઇરે,
તે નારદ મઇં સીઝવ્યો, મુઝ જોવો એ અધિકાઇરે. સી૦ ૨
બાંહઈં પહિરયા બહિરખા, સંખ રાજા દૂષણ દીધારે;
કાપ્યા હાથ કલાવતી, પણિ મઇં નવ પલ્લવ કીધારે. સી૦ ૩
રાવણ ઘરિ સીતા રહી, તો રામચંદ કાંઇ આણીરે;
સીતા કલંક ઉતારિઉ, મઇં પાવક કીધો પાણીરે. સી૦ ૪
ચંપા બાર ઉઘાડિયા, વલિ ચાલણિ કાઢયો નીરોરે;
સતી સુભદ્રા જશ થયો, મઇં તસુ કીધી ભીરોરે. સી૦ ૫
રાજા મારણ માંડિયો, રાણી અભયા દૂષણ દાખ્યોરે;
સૂલી સિંઘાસણ થયો, મઈં સેઠ સુદરસણ રાખ્યોરે. સી૦ ૬
સીવ સંનાહ મંત્રીસરઇ, આવંતાં અરિદલ થંભ્યારે;
તિહાં પણિ સાંનિધિ મઇં કીયો, વલિ ધર્મ કારિજ આરંભ્યારે. સી૦ ૭
પહિર ચીર પરગટ કીયા મઇં, અઠોત્તરસઉ (૧૦૮) વારોરે;
પાંડવ હારી દ્રૂપદી, મઈં રાખી મામ ઉદારોરે. સી૦ ૮
બ્રાહ્મી સુંદરિ બાલિકા, વલી સીલવતી દવદંતીરે;
ચેડાની સાતે સુતા, રાજમતી સુંદરી કુંતીરે. સી૦ ૯

ઇત્યાદિક મઇં ઊધરયા, નરનારી કેરા વૃંદોરે;
સમય સુંદર પ્રભુ વીરજી, મુઝ પહિલી કરો આણંદોરે. સી૦ ૧૦

**દોહા.**

તપ બોલ્યો તટકી કરી, દાનન તૂં અવહીલિ;
પણિ મુઝ આગલિ તૂં કિસ્યો, રે તૂં સાંભલિ સીલ. ૧
સખરા ભોજન તઇં તજ્યા, નગમઈ મીઠા નાદ;
દેહ તણી શોભા તજી, તુઝ મઇં કિસો સવાદ. ૨
નારિ થકી ડરતો રહઈ, કાયર કિસો વખાણ;
કૂડ કપટ બહુ કેલવી, જિમ તિમ રાખઈ પ્રાણ. ૩
કો વિરલો તુઝ આદરઈ, છાંડઈ સહૂ સંસાર;
આપ પક તૂં ભાંજતો, બીજા ભાંજઇ ચ્યાર. ૪
કરમ નિકાચીત તોડવું, ભાંજું ભવ (૨) ભીમ;
અરિહંત મુઝ નઈ આદરઇ, વરસ છમાસી સીમ. ૫
રૂચક નંદીસર પર્વતઈ, મુઝ લબધીઇ મુનિ જાઈ;
ચૈત્ય જુહારઇ સાસતા, આણંદ અંગિ ન માઇ. ૬
મોટા જોયણ લાખના, લઘુ કુંથુક આકાર;
હય ગય પાયક રથ તણા, રૂપ કરઈ અણગાર. ૭
મુઝ કર ફરસઈ ઉપસમઈ, કુષ્ટાદિકના રોગ;
લબધી અઠાવીસ ઊપજઈ, ઉત્તમ તપ સંજોગ. ૮
જે મઈ તાર્યા તે કહું, સુણિજ્યો મન ઉલ્લાસ;
ચમતકાર ચિત પામસ્યો, દેસ્યો મુઝ સાબાસિ. ૯

**ઢાલ નણદલની.**

દઢ પ્રહારી અતિ પાપીઉ, હત્યા કીધી ચ્યારિ હો; સુંદર.
તે મઇં તિણ ભવિ ઊધરયો, મુક્યો મુગતિ મઝાર હો. સુંદર. ૧
તપ સરિખો જગિ કો નહી, તપ કરઇ કરમનો સૂડ હો. સુંદર.
તપ કરતાં અતિ દોહિલો, તપ માંહિ કો નહિ કૂડ. સું૦ ૨ તપ.
સાત માણુસ નિત મારતો, કરતો પાપ અઘોર હો; સું૦
અરજુન માલી મઇં ઊધરયો, છેદ્યા કરમ કઠોર હો. સું૦ ૩ તપ.
નંદિષેણ તઈં મઇં કીયો, સ્ત્રી વલ્લભ વસુદેવ હો; સું૦
બહુતરિ સહસ અંતે ઉરી, સુખ ભોગવઇ નિત મેવ હો. સું૦ ૪ તપ.
રૂપ કુરૂપ કાલો ઘણું, હરિ કેસી ચંડાલ હો; સું૦
સુરનર કોડિ સેવા કરઇ, તે મઈં કીધી ચાલ હો. સું૦ ૫ તપ.
વિષ્નુ કુમર લબધીઈ કરી, લાખ જોયણનો રૂપ હો; સું૦
શ્રી સંઘ કેરઈ કારણઇં, એ મુઝ સકતિ અરૂપ હો. સું૦ ૬ તપ.
અષ્ટાપદ ગૌતમ ચઢયા, વાંદ્યા જિન ચોવીશ હો; સું૦
તાપસ પિણ પ્રતિ બૂઝવ્યા, તિણ મુઝ અધિક જગીસ હો. સું૦ ૭ તપ.

ચઉદ સહસ અણગાર મઈ, શ્રી ધન્નઉ અણગાર હો; સું૦
વીર જિણંદ વખાણિયઉ, એ પણિ મુઝ અધિકાર હો. સું૦ ૮ તપ.
કૃષ્ણ નરેસર આગલઈ, દુષ્કરકારક એહ હો; સું૦
ઢંઢણ નેમિ પ્રસંસિયઉ, મુઝ મહિમા સવિ તેહ હો. સું૦ ૯ તપ.
નંદિનેણ વિરહણ ગયો, કીધો ગણિકા હાસ હો; સું૦
વૃષ્ટિ કરી સોવન તણી, મઈ તસ પૂરી આશ હો. સું૦ ૧૦ તપ.
ઇમિ બલભદ્ર પ્રમુખ બહુ, તાર્યા તપસી જીવ હો; સું૦
સમય સુંદર પ્રભુ વીરજી, એ પહિલો પ્રભાવ હો. સું૦ ૧૧ તપ.

**દોહા.**

ભાવ કહઈ તપ તું કિસ્યો, છેડયો કરઇ કષાય;
પૂર્વે કોડિ તપ તેં તપ્યો, પિણ માંહિ ખેરુ થાઇ. ૧
ખંધક આચારિજ પ્રતઇં, તઇ બાલાવ્યો દેસ;
અશુભ તિયાણે તું કરઇ, ખિમા નહી લવલેસ. ૨
દીપાયન રિષિ દૂહવ્યઉ, સંબ પ્રજુ તે સાહિ;
તઇં તપ ક્રોધ કરી તિહાં, કીધો દ્વારિકા દાહ. ૩
દાન શીલ તપ સાંભલો, મ કરો જૂઠ ગુમાન;
લોક સહૂકો સાખિઘઇ, ધરમર્મા ભાવ પ્રધાન. ૪
આપ નપુંસક થૈ તિણ હે, ઘઇ વ્યાકરણી સાખિ;
કામ સરઈ નહિ કો તુમે, ભાવભણઇ મો પાખિ. ૫
રસ વિણ કનક ન નીપજંઇ, જલવિન તરૂવર વૃદ્ધિ;
રસવતી રસ નહી લવણ વિન, તુમ મુઝ વિણ નહી સિદ્ધિ. ૬
મંત્ર તંત્ર મણિ ઉષધી, દેવગુરૂ ધરમ સેવ;
ભાવ વિના તે સહુ વૃથા, ભાવ ફલઇ નિત મેવ. ૭
દાન સીલ તપ જે તુમ્હે, નિર્જર કહ્યા વૃતંત;
તિહાં જો ભાવ નહીં હુતઉ, તઉ કો સિદ્ધિ ન જંત. ૮
ભાવ કહઇ મઈ એકલઇ, તાર્યા બહુ નરનારી;
સાવધાન થઇ સાંભલઉ, નામ કહું નિરધાર. ૯

**ઢાલ—કપૂર હુવઈ અતિ નિરમલોરે—એહની જાતિ.**

કાનન મઇ કાઉસગિ રહ્યઉરે, પ્રસનચંદ રિષિરાય;
તે મઈ કીધો કેવલીરે, તતખિણ કરમ ખિપાઈ. ૧
સોભાગી સુંદર ભાવ વડો સંસાર, એ તો બીજા મુઝ પરિવાર. સોભાગી.
દાનાદિક વિન એકલોરે, પહુચાવું ભવપાર. સો૦ ૨
વંસ ઉપરિ ચઢચઉ ખેલતોરે, ઇલા પુત્ર અપાર;
કેવલજ્ઞાની મઇ કીયઉરે, પ્રતિબોધ્યો પરિવાર. સો૦ ૩
ભૂખ ખિમા છેઉ અતિ ઘણીરે, કરતો કૂર આહાર;
કેવલ મહિમા સુર કરઇરે, કૂર ગડૂ અણગાર. સો૦ ૪

લાભથી લોભ વધઈ ઘણોરે, આણ્યો મતિ વઇરાગ;
કપિલ થયઉ જે કેવલીરે, તે મુઝ નઈ સોભાગ. સો૦ ૫
અનિકા સુતનો ગછનો ધણીરે, ખીણ જંઘબલ જાણિ;
કીધઉ અંતગડ કેવલીરે, ગંગાજલિ ગુણ ખાણિ. સો૦ ૬
પનરસઇ તાપસ ભણીરે, દીધી ગૌતમ દીખ;
તતખિણ કીધા કેવલીરે, જો મુઝ માની સીખ. સો૦ ૭
પાલક પ્રાણી પ્રાલિયારે, ખંધક સૂરિ સુસીસ;
જનમ મરણથી છોડવ્યારે, આપો મુઝ આસીસ. સો૦ ૮
ચંડ રૂદ્ર નિસિ ચાલતારે, દીધા દંડ પ્રહાર;
નવ દીક્ષિત થયો કેવલીરે, તે ગુરૂ વિણ તિણવાર. સો૦ ૯
ધન (૨) રથકાર સાધનઇરે, પડિલાભ્યો ઉલ્લાસ;
મૃગ લોભાવન ભાવતોરે, પહુતો સુર આવાસ. સો૦ ૧૦
નિજ અપરાધ ખમાવતીરે, મુક્યો મનથી માન;
મૃગાવતી નઈ મઈ દીયોરે, નિરમલ કેવલજ્ઞાન. સો૦ ૧૧
મરૂદેવા ગજ ચઢ મારગઈરે, પેખી પુત્રની રિદ્ધિ;
મુઝનઈ મનમાંહે ધરયોરે, તતખિણ પામી સિદ્ધિ. સો૦ ૧૨
વીર વાંદણ ચાલ્યો મારગેરે, ચાંપ્યઉ ચપલ તુરંગ;
દર્દુર નામઈ દેવતારે, તેહ થયો મુઝ સંગ. સો૦ ૧૩
પ્રભુ પાઇ પૂજણ નીરીસેરે, દુર્ગતિ નામઇ નારિ;
કાલ ધરમ વિચિ મઇ કરીરે, પહુતી સરગ મઝારિ. સો૦ ૧૪
કાયા સોભા કારિમીરે, રૂપ કિસ્યો અભિમાન;
ભરત આરીસા ભુવન મઈરે, પામ્યો કેવલ જ્ઞાન. સો૦ ૧૫
દીક્ષા દિન કાઉસગિ રહ્યોરે, ગય સુકુમાર મંસાણિ;
સોમલ સીસ પ્રજાલિ થઉરે, સિદ્ધિ ગયઉ સુધ ઝાણિ. સો૦ ૧૬
ગુણસાગર થયઉ કેવલીરે, સાંભલ્યઉ પૃથિવીચંદ;
પોતઇ કેવલ પામી યઉરે, સેવક નઈ સુર ઈંદ. સો૦ ૧૭
ઇમ અનંત મઇ ઉધરયારે, મૂક્યા સિવપુર વાસ;
સમય સુંદર પ્રભુ વીરજીરે, મુઝ નઇ પ્રથમ પ્રકાસિ. સો૦ ૧૮

**દોહા.**

વીર કહઇ તુમ સાંભલો, દાન શીલ તપ ભાવ;
નિંદા છઇ અતિ પાડુઇ, ધર્મ કર્મ પ્રસ્તાવ. ૧
પરનિંદા કરતાં થકાં, પાપઈ પિંડ ભરાઇ;
વેઢિ રાઢિ વાધઇ ઘણી, દુર્ગતિ પ્રાણી જાઇ. ૨
નિંદક સરિખો પાપીઉ, સૂંડો કોઇ ન દીઠ;
વલી ચંડાલ સમો કહ્યઉ, નિંદક મુખ અદીઠ. ૩
આપ પ્રશંસા આપણી, કરતાં ઈંદ નરિંદ;
લઘુતા પામઇ લોક મઇ, નાસઇ નિજ ગુણ વૃંદ. ૪

કો કોહની મ કરો તુમ્હે, નિંદા નઈ અહંકાર;
આપ આપ ઠામે રહ્યા, સહુ કરે ભલો સંસાર. ૫
તઉ પિણ અધિકો ભાવ છઇ, એકાકી સમરથ્થ;
દાન સીલ તપ ત્રીણિ ભલા, પિણ ભાવ વિના અકયથ્થ. ૬
અંજન આંખે આંજતાં, અધિકી અણિએ રેખ;
રજ માંહે તજ કાઢતાં, અધિકઉ ભાવ વિશેષ. ૭
ભગવંત હઇ ભાંજણ તણી, ચ્યારે સરિખ ગણંતિ;
ચ્યારિ કરિ મુખ આપણા, ચોવિહ ધર્મ ભણંતિ. ૮

**ઢાલ.**

વીર જિણેસર ઇમ ભણઇરે, બઇઠી પરિષદ બાર;
ધરમ કરો તુમ્હે પ્રાણીયારે, જિમ પામો ભવ પારોરે. ૧
ધરમહિ યઈ કરઉ, ધરમના ચ્યાર પ્રકારરે;
ભવિયણ સાંભલો, ધરમ મુગતિ સુખકારોરે. ધરમ૦ ૨
ધરમ થકી ધન સંપ જઇરે, ધરમ થકી સુખ હોઇ;
ધરમ થકી આરતિ ટલઇરે, ધરમ સમો નહિ કોઇરે. ધરમ૦ ૩
દુરગતિ પડતાં પ્રાણિયારે, રાખય શ્રી જિન ધર્મરે;
કુટંબ સહુકો કારિમોરે, મત ભૂલો ભવ ભર્મરે. ધરમ૦ ૪
જીવ જિકે સુખિયા થયારે, વલિ હોસ્યઇ છઈ જેહ;
તે જિનવરના ધરમથીરે, મત કો કરઉ સંદેહરે. ધરમ૦ ૫
સોલહ સય બાસઠિ સમઇરે, સાંગાનેર મઝારિ;
પદમ પ્રભુ સુપસાય લઇરે, એહ ભણ્યો અધિકારોરે. ધરમ૦ ૬
સોહમ સામિ પરંપરારે, ખરતરગચ્છ કુલચંદ;
યુગ પ્રધાન જગિ પરવડારે, શ્રી જિનચંદ સૂરિંદરે. ધરમ૦ ૭
તાસ સીસ અતિ દીપતારે, વિનયવંત જસવંત;
આચારિજ ચઢતી કલારે, જિન સંઘ સૂરિ મહંતોરે. ધરમ૦ ૮
પ્રથમ શિષ્ય શ્રી પૂજ્યનારે, સકલચંદ તસુ સીસ;
સમયસુંદર વાચક ભણઇરે, સંઘ સદા સુજગીસરે. ધરમ૦ ૯
દાન શીલ તપ ભાવનારે, સરસ રચ્યઉ સંવાદ;
ભણતાં ગણતાં ભાવસ્યુંરે, રિદ્ધિ સમૃદ્ધિ સુપ્રાસાદોરે. ધરમ૦ ૧૦

**ઇતિ શ્રી દાનશીલ તપોભાવના સંવાદઃ સંપૂર્ણ.**

**પોપટલાલ કેવળચંદ શાહ.**

---

ખાવાના નિયમો નક્કી કરવા. હમેશના માપ કરતાં વધુ ખાનાર માણસ રોગનું હાથે કરીને તેડું કરે છે. બે વખત જમવાની આદતવાળા માણસે ત્રણ વખત ખાવું નહિ. જમવાના બે સમયની વચ્ચે બીજું કાંઈ પણ ખાવું નહિ, કેમકે કામ કરતી હોજરીને તે ખલેલ પહોંચાડે છે. ખાવા પીવાના આ સાદા નિયમો નહિ પાળનારાઓ વારંવાર માંદા પડે છે.

# योग.

૧. પ્રાણાયામ એ શરીરની આરોગ્યતા અને કાળજ્ઞાન વગેરેમાં ઉપયોગી છે.

૨. પ્રાણાયામથી સુખનાસિકાનો પવન રોકાય છે ને તેથી મન પવનનો જય થાય છે.

૩. જ્યાં મન છે ત્યાં પવન છે. બંનેમાંથી એકનો નાશ થાય તો ઇંદ્રિય અને મતિનો પણ નાશ થાય છે તે મોક્ષ થાય છે.

૪. શ્વાસ અને ઉચ્છ્વાસની ગતિને રોકવી તેનું નામ પ્રાણાયામ.

૫. રેચક, પૂરક અને કુંભક નામે ત્રણ ભેદ પ્રાણાયામના છે.

૬. કર્મ ગ્રંથકાર પ્રત્યાહાર, શાંત, ઉત્તર ને અધર એવા ચાર ભેદો ઉમેરી કુલ સાત ભેદો પ્રાણાયામના કરે છે.

૭. ઉદરમાંથી બહુજ યત્નપૂર્વક વાયુને નાસિકા, બ્રહ્મરંધ્ર અને મુખથી જે બહાર ફેંકવો તેને રેચક પ્રાણાયામ કહે છે.

૮. બહારના વાયુનું આકર્ષણ કરીને, છેક અપાનદ્વાર સુધી ઉદરને તેથી ભરવું તે પૂરક પ્રાણાયમ."

૯. તથા તે વાયુને નાભિપદ્મમાં સ્થિર કરીને રોકવો તે કુંભક પ્રાણાયામ જાણવો.

૧૦. નાભિ આદિ સ્થાનથી, હૃદય આદિક સ્થાનમાં વાયુને ખેંચવું તેને પ્રત્યાહાર કહેલો છે.

૧૧. તાલુ નાસિકા અને મુખદ્વારથી વાયુનો જે નિરોધ કરવો તે શાંત કહેવાય છે.

૧૨. બહારથી પવનને પીઇએ તથા તેને ઉંચો ચડાવીને હૃદયાદિકમાં જે ધારી રાખવો તેને ઉત્તર પ્રાણાયામ.

૧૩. અને તેથી વિપરીત એટલે ઉંચેથી નીચે લાવવો તે અધર.

૧૪. રેચકથી પેટની પીડા તથા કફનો નાશ થાય છે.

૧૫. પૂરકથી પુષ્ટિ અને વ્યાધિઓનો નાશ થાય છે.

૧૬. કુંભકથી હૃદયકમલ તુરત ઉઘડે છે તેને અંદરની ગાંઠ ભાંગી જતાં બળ અને સ્થિરતાની વૃદ્ધિ થાય છે.

૧૭. પ્રત્યાહારથી બલ ને કાંતિ વધે છે.

૧૮. શાંતથી દોષની શાંતિ થાય છે.

૧૯. ઉત્તર ને અધરથી કુંભકની સ્થિરતા થાય છે.

૨૦. યોગી પ્રાણાયામવડે પ્રાણવાયુ, અપાન ( વિષાદિકને દૂર કરનાર વાયુને ) ઉદાન ( રસાદિકને ઉંચે લઇ જનાર વાયુને ) તથા વ્યાન કહેતાં વ્યાપક વાયુ તેજ તે છે.

૨૧. પ્રાણવાયુ નાકના અગ્ર ભાગે, હૃદયમાં, નાભિમાં ને પગના અંગુઠાના અગ્રભાગ ઉપર હોય છે. તે હરિત્ વર્ણનો છે, તથા આવવા જવાના પ્રયોગે કરીને તથા ધારણ કરવાથી તેનો જય થાય છે.

૨૨. નાસિકાદિ સ્થાનના યોગથી વારંવાર પૂરણ તથા રેચનથી ગમાગમનો પ્રયોગ થાય તથા કુંભનથી ધારણ થાય.

૨૩. અપાન વાયુ કાલા રંગનો છે ને તે ગળાની પાછળની નાડીઓમાં, ગુદામાં તથા પગના પાછળના ભાગમાં છે તે પોતાના સ્થાનના યોગથી રેચન અને પૂરણથી વારંવાર જીતી શકાય છે.

૨૪. સમાન વાયુ સફેદ રંગનો છે તે હૃદય, નાભિ અને સર્વ સંધિસ્થાનમાં રહ્યો છે અને પોતાના સ્થાનના યોગે કરીને તે વારંવાર રેચન તથા પૂરણથી જીતી શકાય છે.

૨૫. ઉદાન વાયુ લાલ રંગનો છે તે હૃદય, કંઠ, તાળુ, ભ્રકૂટીનો મધ્ય ભાગ તથા મસ્તકમાં રહેલો છે અને તે ગમનાગમનના નિયોગથી જીતી શકાય છે.

૨૬. નાસિકાને ખેંચવાના યોગે કરીને તે ઉદાન વાયુને હૃદયાદિકને વિષે સ્થાપવો અને બળથી ઉંચે ચડતા એવા તેને રોકી રોકીને વશમાં લેવો.

૨૭. વ્યાનવાયુ સર્વ જગોએ ત્વચામાં વર્ત્તે છે, અને તેનો રંગ ઈંદ્ર ધનુષ્યના જેવો છે તથા તેને સંકોચ અને પ્રસર કરીને કુંભકના અભ્યાસથી જીતવો.

૨૮. પ્રાણ, અપાન, સમાન, ઉદાન ને વ્યાનવાયુમાં અનુક્રમે પૈં, પૈં પૈં, લૌ એવી રીતનાં બીજો ધ્યાવવાં.

૨૯. જઠરાગ્નિનું પ્રાબલ્ય, દીર્ઘશ્વાસ, અને પવનનો જય અને શરીરની લઘુતા એટલાં વાનાં પ્રાણજન્ય માટે થાય છે.

૩૦. સમાન ને અપાનનો જય હોવાથી ગુમડાં, હાડકાં આદિના ભંગનું દૂર થવું થાય છે ને જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે. ચરબી ઓછી થાય છે ને વ્યાધિનો પણ નાશ થાય છે.

૩૧. ઉદાનના જયથી પ્રાણાદીક દ્રવ્યાદિકની અબાધા અને વ્યાનના જયથી ઠંડી ને તાપની અબાધા, કાંતિ ને નિરોગી થાય છે.

૩૨. જે જે સ્થાનકે રોગ થયો હોય તેની શાંતિને માટે જ્યાં ત્યાં પ્રાણાદિકને ધારવાં.

૩૩. આગળ કહેલાં આસનોપર બેસીને ધીરે ધીરે પવનને રોકીને ડાબી નાડીથી મનની સાથે પગના અંગુઠાથી માંડીને છેક બ્રહ્મદ્વાર સુધી શરીરજ પૂરવું તેમાં પ્રથમ પગના અંગુઠામાં, પછી પગના તળીઆઓમાં, પછી પગના પાછળના ભાગમાં, પછી ગુલ્ફોમાં, પછી જંઘામાં, પછી જઠરમાં, પછી હૃદયમાં, પછી કંઠમાં, પછી જીભમાં, પછી તાળુમાં, પછીથી નાસિકાના અગ્ર ભાગમાં, પછી નેત્રમાં, પછી ભ્રકૂટીમાં, પછી કપાળમાં તથા પછી મસ્તકમાં એવી રીતે અનુક્રમે એ પવનની સાથે મનને લાવીને છેક બ્રહ્મદ્વાર સુધી ભરવો. પછી અનુક્રમે તેવીજ રીતે છેક ઉતારી ઉતારીને પગના અંગુઠા સુધી લાવવો અને નાભિપથમાં લાવીને પવનનું વિરેચન કરવું.

૩૪. પગના અંગુઠા, પાર્ષ્ણિ તથા ગુલ્ફમાં, જંઘામાં, ઘુંટણમાં, સાથળમાં અને લિંગમાં ધારણ કરેલો વાયુ અનુક્રમે શીઘ્ર ગતિ અને બળ માટે ગુણકારી છે. નાભિમાં રહેલો જ્વરાદિકના નાશ માટે છે, જઠરમાં રહેલો કાયાની શુદ્ધિ માટે છે, હૃદયમાં રહેલો જ્ઞાન માટે છે, કૂર્મ નાડીમાં રહેલો રોગ અને ઘડપણના નાશ માટે છે. કંઠમાં રહેલો ક્ષુધા અને તૃષાના નાશ માટે છે. જીભના અગ્ર ભાગમાં રહેલો રસના જ્ઞાન માટે છે. નાસિકાના અગ્ર ભાગમાં રહેલો ગંધના જ્ઞાન માટે છે, કપાળમાં રહેલો ત્યાંના રોગના નાશ માટે છે તથા મગજના ઉપશમ માટે છે અને બ્રહ્મદ્વારમાં રહેલો સાક્ષાત્ સિદ્ધોના દર્શન માટે છે.

૩૫. યોગીએ ધીરેથી પવનની સાથે મનને ખેંચીને હૃદય પદ્મની અંદર રાખીને તેને નિયંત્રિત કરવો.

૩૬. તેથી અવિદ્યાઓ વિલસીત થાય છે, વિલીન ઇચ્છા પણ નાશ પામે છે, વિકલ્પો નિવૃત્ત થાય છે અને અંદર જ્ઞાન પ્રગટ થાય છે.

૩૭. હૃદયમાં મનને સ્થિર કરવા વડે વાયુની ગતિ કયા મંડળમાં છે, તથા તેનું સંક્રમણ અને વિશ્રામ ક્યાં છે અને નાડી કઇ છે તે પણ જણાય.

૩૮. નાસિકાના વિવરોમાં અનુક્રમે ભૂમિસંબંધી, વારૂણ, વાયવ્ય તથા આગ્નેય મંડળો કહેલાં છે.

૩૯. પૃથ્વીનાં બીજે કરી સંપૂર્ણ અને ચારે ખુણે વજ્ર લાંછને યુક્ત અને તપાવેલા સુવર્ણ સરખી પ્રભાવાળું તે ભૌમમંડળ.

૪૦. અર્ધ ચંદ્રના સંસ્થાનવાળું, વિકારે કરી લાંછિત અને ચંદ્ર સમાન શ્વેત કાંતિવાળું અને અમૃતના ઝરણા સરખું સાંદ્ર તે વારૂણમંડળ.

૪૧. સ્નિગ્ધાંજન, વાદળછાયા, ગોળ, મધ્યમાં બિંદુવાળું, દુર્લક્ષ્ય, પવનાક્રાંત તથા ચંચળ એવું વાયુમંડળ જાણજો.

૪૨. ઉર્ધ્વજ્વાલ, ભયંકર, ત્રણ ખુણાવાળું તે ખુણાઓમાં સ્વસ્તિકનાં ચિન્હવાળું ને અગ્નિના તણખા જેવું તે આગ્નેય મંડળ. (અપૂર્ણ).

**પોપટલાલ કેવળચંદ શાહ.**

# બોર્ડીંગ પ્રકરણ.

## મીટીંગ.

બોર્ડીંગની મેનેજીંગ કમીટીની મીટીંગ તા. ૫-૧૨-૧૫ ના રોજ નાગોરીશરાહના મકાનમાં મળી હતી; તે વખતે બોર્ડીંગનો સને ૧૯૧૪ ની સાલનો ઑડીટ કરેલો હિસાબ રજુ કરવામાં આવ્યો હતો જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. સને ૧૯૧૪ ની સાલનાં આવક ખરચનાં સાધનો તથા સરવૈયું જગ્યાની સ્થળ સંકોચને લીધે હવે પછીના અંકમાં રજુ કરવામાં આવશે. વિગતવાર રીપોર્ટ સંસ્થા તરફથી થોડા દિવસમાં બહાર પાડવામાં આવશે.

બીજો ઠરાવ અત્રેના સુપ્રસિદ્ધ શેઠ જગાભાઇ દલપતભાઇને બોર્ડીંગની મેનેજીંગ કમીટીના મેમ્બર તથા ચેરમેન નીમવાનો હતો તથા રા. રા, ઝવેરી અમૃતલાલભાઈ મોહનલાલને તથા રા. રા. વાડીલાલ તારાચંદ માજી સબજજને મેનેજીંગ કમીટીના મેમ્બર નીમવાનો હતો.

ત્રીજો ઠરાવ—આ બોર્ડીંગના પરમ શુભેચ્છુ અને સહાયક સદ્દગત શેઠ જમનાદાસ જેઠાભાઇ કે જેઓ આ બોર્ડીંગને એક મકાન આશરે રૂ. ૧૫૦૦૦) ની કીંમતનું તથા બીજી રોકડ રૂ. ૫૦૦૦) ની તથા પરચુરણ મદદો આજ સુધી કરી છે તેઓના સ્વર્ગવાસ માટે દીલગીરી પ્રદર્શીત કરવાનો હતો.

## શ્રી બક્ષિશ ખાતે.

૨૫-૦-૦ એક સદ્દગૃહસ્થ તરફથી હ. શેઠ દલપતભાઇ ભગુભાઇ. અમદાવાદ.

૫-૦-૦ રા. રા. છોટાલાલ જેચંદની વિધવા હ. બાઇ હીરી અમદાવાદ ઝવેરીવાડો.

૨૫-૦-૦ રા. રા. મગનલાલ સવચંદ હ. જગાભાઇ મગનલાલ સાતભૈયા. અમદાવાદ વાઘણપોળ ઝવેરીવાડો.

૧-૦-૦ લલુભાઇ નાહાલચંદ દરવરસે વરસગાંઠનો આપવામાં આવે છે. ગામ ધડર.

૫-૦-૦ બ્હેન માહાકોર શા. ફકીરચંદ કેવળચંદની વિધવા. ગામ બારેજા.

## શ્રી માસિક મદદ ખાતે.

૧૫-૦-૦ બોર્ડીંગના પ્રેસીડન્ટ રા. રા. શ્રીયુત શેઠ જગાભાઇ દલપતભાઇ બા. માસ સપ્ટેમ્બર, અકટોમ્બર અને નવેમ્બરની મદદના. અમદાવાદ.

૨—૦—૦ શા. વાડીલાલ ખેમચંદ બા. માસ જુલાઇ તથા ઑગષ્ટના. અમદાવાદ. પાંજરાપોળ.
૨૫—૦—૦ શેઠ લખમીચંદ લલુભાઇ સને ૧૯૧૫ ની સાલના. અમદાવાદ સુરદાસ શેઠની પોળ.
૬૦—૦—૦ બોર્ડીંગની મેનેજીંગ કમીટીના મેમ્બર શેઠ સારાભાઇ ડાહ્યાભાઈ સને ૧૯૧૫ ની સાલના અમદાવાદ ડે. હાથીખાનું.
૬—૦—૦ બોર્ડીંગની મેનેજીંગ કમીટીના મેમ્બર રા. રા. વકીલ વેલચંદભાઇ ઉમેદચંદ મ્હેતા બા. મા. જાનેવારીથી તે માસ જુન સુધીની મદદના.
૨૪—૦—૦ રા. રા. વાડીલાલ મગનલાલ સને ૧૯૧૫ ની સાલના અમદાવાદ ગુસાપારેખની પોળ.

### શ્રી ખરચ ખાતે.

૪૦—૩—૦ રા. રા. ઝવેરી મોહનલાલ ચુનીલાલ તરફથી આ બોર્ડીંગમાં જમણ આપવામાં આવ્યું તેના ખરચના આપ્યા તે. અમદાવાદ ઝવેરીવાડો.

### શ્રી ધાર્મિક જ્ઞાનોત્તેજક ખાતે.

૫—૦—૦ શા. ભાઇલાલ જેઠાજી બોરસદ (કાશીપુરા) બા. મનીઓર્ડરથી આવ્યા તે.
૨૫—૦—૦ રા. રા. શાંતિભાઇ જેશીંગભાઇ તરફથી બા. તેમનાં અ. સૌ. પત્ની બાઇ સમરત તથા ભાઇ ભોગીલાલનાં અ. સૌ પત્ની બાઇ શારદા ઉર્ફે સમરતે ઉપધાન વહ્યાં તે શુભ નિમિત્તે. સાણંદ.

### જમણ.

અત્રેની હીરાલાલ રણછોડની પેઢીના ભાગદારી રા. રા. કેશવલાલ કસ્તુરચંદને ત્યાંથી બોર્ડીંગના વિદ્યાર્થીઓને જમણ આપવામાં આવ્યું હતું.

### ઉપકાર.

જૈન કોમના સ્તંભ તુલ્ય મહુંમ દાનવીર શેઠ મનસુખભાઈ ભગુભાઇના સુપુત્ર શેઠ માણેકલાલભાઇ બોર્ડીંગના એક વિદ્યાર્થી નામે કેસરીચંદ મોતીલાલ ભરૂચ નિવાસીને બોર્ડીંગ ફી તથા સ્કુલ ફી આપે છે. આને માટે તેઓ સાહેબની બોર્ડીંગ પરત્વેની શુભ લાગણીને માટે તેમનો આભાર માનીએ છીએ.

મહુંમ શેઠ કાળીદાસ ઉમાભાઇના વડીલ પુત્ર શેઠ અનુભાઇએ કેટલાક વિદ્યાર્થી બંધુઓને સ્કુલ ફી વિગેરે અપાવવા માટે પ્રયાસ કર્યો છે તેના માટે તેઓ સાહેબનો ઉપકાર ઘટે છે.

રા. રા. ઝવેરી અમૃતલાલ મહોકમલભાઇ દર વરસે બોર્ડીંગની અંદર પોતાનાં મહુંમ અ. સૌ. પત્નીના સ્મણાર્થે તથા પોતાના સદ્‌ગત બંધુના સ્મણાર્થે સ્કોલરશીપ તેમજ ઇનામ નિમિત્તે રૂ. ૧૫૦) મદદ આપે છે તે ઉપરાંત કેટલાક બોર્ડીંગના કાલેજમાં ભણતા વિદ્યાર્થીઓને તેઓએ ચોપડીઓ તેમજ સ્કુલ ફી વિગેરેની મદદ કરી છે તેને માટે તેઓ સાહેબનો બોર્ડીંગ ઉપકાર માને છે.

શ્રી જૈન શ્વેતાંબર મદદ ફંડના ઑ. સેક્રેટરી રા. રા. શ્રીયુત્ વકીલ હરીલાલ મંછારામ વિગેરે કાર્યવાહકો તરફથી બોર્ડીંગના કેટલાક વિદ્યાર્થીઓને સ્કુલ ફી નિમિત્તે મદદ કરવામાં આવે છે. તેને માટે તેઓ સાહેબનો આ સંસ્થા આભાર માને છે. આવી રીતે જે જે સદ્‌ગૃહસ્થો તરફથી બોર્ડીંગને અવાર નવાર રૂપમાં મદદ કરવામાં આવે છે તેને માટે બોર્ડીંગ તેઓ સાહેબનો અંતઃકરણથી ઉપકાર માને છે.

વ્યવસ્થાપક.

## શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી ગ્રન્થમાળાના-પ્રગટ થયેલ ગ્રન્થો.

| ગ્રન્થાંક. | પૃષ્ઠ. | કીં. રૂ. આ. પા. |
|---|---|---|
| ૦. ભજન સંગ્રહ ભાગ ૧ લો | ૨૦૮ | ૦—૮—૦ |
| ૧. અધ્યાત્મ વ્યાખ્યાન માળા | ૨૦૬ | ૦—૪—૦ |
| ૨. ભજન સંગ્રહ ભાગ ૨ જો | ૩૩૬ | ૦—૮—૦ |
| ૩. ભજન સંગ્રહ ભાગ ૩ જો | ૨૧૫ | ૦—૮—૦ |
| ૪. સમાધિશતકમ્* | ૩૪૦ | ૦—૯—૦ |
| ૫. અનુભવપચ્ચિશી× | ૨૪૮ | ૦—૮—૦ |
| ૬. આત્મ પ્રદીપ | ૩૧૫ | ૦—૮—૦ |
| ૭. ભજન સંગ્રહ ભાગ ૪ થો | ૩૦૪ | ૦—૮—૦ |
| ૮. પરમાત્મદર્શન | ૪૩૨ | ૦–૧૨—૦ |
| ૯. પરમાત્મજ્યોતિ | ૫૦૦ | ૦–૧૨—૦ |
| ૧૦. તત્ત્વબિંદુ | ૨૩૦ | ૦—૪—૦ |
| ૧૧. ગુણાનુરાગ (આવૃત્તિ બીજી) | ૨૪ | ૦—૧—૦ |
| ૧૨. ૧૩. ભજન સંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદીપિકા | ૧૯૦ | ૦—૬—૦ |
| ૧૪. તીર્થયાત્રાનું વિમાન (આવૃત્તિ બીજી) | ૬૪ | ૦—૧—૦ |
| ૧૫. અધ્યાત્મ ભજન સંગ્રહ | ૧૯૦ | ૦—૬—૦ |
| ૧૬. ગુરૂબોધ | ૧૭૨ | ૦—૪—૦ |
| ૧૭. તત્ત્વજ્ઞાનદીપિકા* | ૧૨૪ | ૦—૬—૦ |
| ૧૮. ગહુંલી સંગ્રહ | ૧૧૨ | ૦—૩—૦ |
| ૧૯. શ્રાવક ધર્મ સ્વરૂપ ભાગ ૧ લો ( આવૃત્તિ ત્રીજી. )* | ૪૦ | ૦—૧—૦ |
| ૨૦. ,, ,, ભાગ ૨ જો (આવૃત્તિ ત્રીજી) | ૪૦ | ૦—૧—૦ |
| ૨૧. ભજન પદસંગ્રહ ભાગ ૬ ઠો | ૧૦૮ | ૦–૧૨—૦ |
| ૨૨. વચનામૃત | ૩૮૮ | ૦–૧૪—૦ |
| ૨૩. યોગદીપક | ૨૬૮ | ૦–૧૪—૦ |
| ૨૪. જૈન ઐતિહાસિક રાસમાળા | ૪૦૮ | ૧—૦—૦ |
| ૨૫. અધ્યાત્મશાન્તિ ( આવૃત્તિ બીજી ) | ૧૩૨ | ૦—૩—૦ |
| ૨૬. આનન્દઘન પદસંગ્રહ ભાવાર્થ | ૮૦૮ | ૨—૦—૦ |
| ૨૭. કાવ્યસંગ્રહ ભાગ ૭ મો | ૧૪૨ | ૦—૮—૦ |
| ૨૮. જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ | ૯૬ | ૦—૨—૦ |
| ૦. કુમારપાળ ચરિત્ર | ૨૮૭ | ૦—૬—૦ |

*આ નીશાની વાળા ગ્રન્થો શીલક નથી.

### ગ્રન્થો નીચલા સ્થળોથી વેચાણ મળશે.

૧. **અમદાવાદ**—બુદ્ધિપ્રભા ઑફીસ—ઠે. નાગોરીશરાહ.

૨. **મુંબાઈ**—મેસર્સ મેઘજી હીરજીની કું.—ઠે. પાયધુની.

,, શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ—ઠે. ચંપાગલી.

૩. **પુના**—શેઠ વીરચંદ કૃષ્ણાજી—ઠે. વૈતાલપેંઠ.

પ્રમાણિકતાથી પ્રજાનો સંપૂર્ણ વિશ્વાસ મેળવવામાં ફત્તેહ પામેલી

જુનામાં જુની



નામીચી પેઢી

# ધી રાજનગર જ્વેલરી માર્ટ!

કે જ્યાં છેલ્લામાં છેલ્લી લેટેસ્ટ ફેશનોના સોનાના અને ઝવેરાતના મશીનપોલીસ અને હેન્ડપોલીસ દાગીનાઓનો ગંજાવર જથ્થો તૈયાર રહે છે.

**મજુરી કાપી સોનાનાં પુરાં નાણાં પાછાં આપવાની**

લેખીત **ગેરંટી!** આપવામાં આવે છે.

ચાંદીની ફેન્સી ચીજોનો ગંજાવર જથ્થો રાખીએ છીએ.

માલની ગેરંટી, જુજ નફે મોટું વેચાણ તેજ સિદ્ધાંત!!!

મુંબાઇની જાણીતી પેઢીઓમાં લાંબા વખતના અનુભવી અને કેળવાયલા કારીગરોના હાથે અમારી પોતાની દેખરેખ નીચે માલ બને છે.

**ગ્રાહકોને હસ્તે મુખડે વિદાય કરવા તેજ અમારો મુદ્રા લેખ છે.**

## ધી રાજનગર જ્વેલરી માર્ટ.

પ્રોપ્રાયટર—ઝવેરી ભોગીલાલ પુરૂષોત્તમદાસ.

રીચીરોડ—અમદાવાદ.

## જૈન પ્રજા માટે એક નભય અને ભરૂસાપાત્ર ઠેકાણું !



### કે જયાં અગાડી



અપટુડેટ ફેશનના

# સોનાના! મસીન પૉલીસ દાગીનાઓ

## ની સેંકડો ફેશનોનો મોટો જથ્થો તૈયાર રહે છે !

અને નિર્ભય રીતે તદ્દનજ ચોખ્ખું અને સફાઈબંધ ફેન્સી કામ ઘરાકોના સોનાનું કીફાયત મજુરીથી અને ઘણીજ ઝડપથી વાયદેસર બનાવી આપવામાં આવે છે.

તૈયાર દાગીનાઓની **મજુરી કાપી** નાણાં પાછાં આપવાની **લેખીત ગેરંટી** મળે છે.

ઈંગ્લીશ જવેલરી, રોલ્ડગોલ્ડ જવેલરી, અને ચાંદીની સેંકડો ફેશનેબલ ચીજોનો જંગી સ્ટોક તૈયાર રહે છે. ખાસ વિલાયતથી આવેલા બીલીયાન કટના હીરાઓ, માણેક, પાના, વિગેરે ઝવેરાતનું કામ ઘરાકો અને વહેપારીઓનું સગવડ પડતી રીતે કરીએ છીએ.

# રૉયલ જવેલરી માર્ટ.

## પ્રોપ્રાયટર—ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.

૪૫૬ રીચીરોડ—અમદાવાદ.

# એક વધુ આગમાં ગોદરેજની

# તીજોરીની પરીક્ષા.

મીટસુ [illegible]ન કઈશા નામની એક મોટી જાપાની કંપનીની ઓફીસ મુંબઈમાં છે. એ ઓફીસ જ્યારે પહેલાં મુંબઈમાં ઉઘડી ત્યારે ગોદરેજે પોતાની તીજોરી ખરીદવાની ભલામણ કરી હતી પણ સાહેબોના ધ્યાનમાં વાત ઉતરી નહિ અને વિલાયતી અને જાપાની બનાવટની તીજોરીઓ ખરીદી.

એ કંપનીની એક શાખા કરાંચીમાં છે અને તે ઠેકાણે **ગોદરેજ**ની એક નહાની તીજોરી વપરાતી હતી. ચાર મહીના ઉપર કરાંચીની ઓફીસમાં આગ લાગી અને ગોદરેજની તીજોરીમાં ત્રીસ હજાર રૂપીઆની નોટો હતી તે સલામત મળી આવી અને તે ઉપરથી મુંબઈની ઓફીસે તુરતાતુરત અગીઆરસો રૂપીઆની એક મોટી **ગોદરેજ**ની તીજોરી ખરીદી.

આવી રીતે આગ થવા પછી કુવો ખોદાવવાનું કામ વાજબી કહેવાય નહીં. જો કે નાના મોટા બધાએ એવુંજ કરે છે. થોડા વખત ઉપર મુંબઈમાં ઇવટ લેધમની કંપનીની ઓફીસમાં મોટી આગ લાગી તે વખતે જાણીતા મોટા વિલાયતી મેકરની ચાર તીજોરી ઓફીસમાં હતી અને તેનો જે અનુભવ સાહેબોને મળ્યો તે ઉપરથી આગ પછી ગોદરેજની મોટી સાત તીજોરીઓ અહીંની તેમજ કરાંચીની ઓફીસો માટે ખરીદવામાં આવી.

આવી રીતે ઘણાકો નુકસાન થયા પછીજ સાવચેત થાય છે. ઘણાકો પોતાને યા પાડોસીને ત્યાં ચોરી થવા પછીજ **ગોદરેજ**ની તીજોરી લેવા નીકળે છે. સર સાસુન જે. ડેવીડના જેટલી સાવચેતી થોડાકોજ રાખતા હશે. એઓએ જેવું જાણ્યું કે છેલ્લા વરસમાં મુંબઈમાં ઉપરાસાપરી આગો થઈ તેમાં જ્યાં જ્યાં **ગોદરેજ**ની તીજોરીઓ હતી ત્યાં ત્યાં જરાએ નુકસાન થયું હતું નહીં તેવું તરત પોતાની પાસની જાણીતા વિલાતી મેકરોની હજારોની કીંમતની પાંચ તીજોરીઓ લીલામથી વેચી નાંખવાનો ઠરાવ કરી તેની જગ્યાએ **ગોદરેજ**ની તીજોરીઓ ખરીદી.

હિંદુસ્તાન અને બરમાની સેવીંગ બેંકોના ચોપડા રાખવા માટે સરકારને થોડા વખત ઉપર ૩૭૨ ફાયરપ્રુફ તીજોરી જોઇતી હતી તે વખતે જુદા જુદા મેકરોની તીજોરીઓ આગમાં નાખી તપાસ કરી હતી અને ફક્ત **ગોદરેજ**ની તીજોરીમાં કાગળો સલામત હોવાથી અને બીજી તીજોરીમાં સઘળું બળી જવાથી ૩૭૨ તીજોરીઓનો ઓર્ડર ગોદરેજને આપવામાં આવ્યો હતો.

**કારખાનું:—ગેસ કંપની પાસે, પરેલ, મુંબઈ.**

**શાખા—રીચીરોડ—અમદાવાદ.**